સુવિચાર
લોહીની નદીઓ વહાવવી સહેલી છે પણ કોઈનાં આંસુનું એક ટીપું લુંછવું બહુ મુશ્કેલ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૧૧/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com


જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૭૯

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૪-૧૧-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦


નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## નરેન્દ્ર મોદીની દિલ્હી ખાતે વિદાય બાદ ચિંતાજનક સ્થિતિ

# ભાજપ સરકારને એન્જિયોપ્લાસ્ટી કાંડથી વધુ એક તમાચો

### ગાંધીનાં ગુજરાતમાં નકલી અધિકારીઓ, નકલી સરકારી કચેરીઓ ધમધમે અને હવે નકલી ઓપરેશન પણ શરૂ થયા

અમરેલી, તા. ૧૩
ગાંધીનાં ગુજરાતમાં દિનપ્રતિદિન અવનવા કૌભાંડો જેવા કે નકલી અધિકારીઓ, નકલી કચેરી, નકલી કોર્ટ, નકલી ઘી, નકલી દૂધ, દારૂનું ખુલ્લેઆમ વેચાણ, તંત્રની મીઠી નજર તળે ખનિજ સંપદાની લૂંટ જેવી ઘટનાઓ સતત પ્રકાશમાં આવી રહી છે અને અધુરામાં પુરૂ અમદાવાદની ખ્યાતી હોસ્પિટલમાં થયેલ એન્જિયોપ્લાસ્ટીનાં બનાવટી ઓપરેશનનાં કારણે ૩ નિર્દોષ દર્દીઓએ જીવ ગુમાવી દીધાની ઘટનાથી સમગ્ર રાજયની જનતા સ્તબ્ધભ બની ગઈ છે.

નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા ને દિલ્હી ખાતે સત્તારૂઢ થયા બાદ

### ગુજરાતમાં નફાખોરો, સંગ્રહખોરો, વિવિધ પ્રકારના માફિયાઓ, બુટલેગરો, મિલાવટખોરોને લીલા લ્હેર

ગુજરાતમાં છેલ્લા ૧૦–૧૧ વર્ષમાં સુશાસન વધવાને બદલે કુશાસન વધતું જોવા મળે છે. રાજયની જનતાને વિકાસ દેખાય તેવા ચશ્મા પહેરાવીને સત્તારૂઢ પક્ષનાં આગેવાનો અને તેમના મળતીયાઓ અવનવી તરકીબ અજમાવીને કરોડો રૂપિયા ઘરની તિજોરીમાં ભરતા થયા છે.

રાજયમાં બનાવટી અધિકારીઓ રૂઆબ કરતા ફરે, બનાવટી સરકારી કચેરીઓ ધમધમે, બનાવટી કોર્ટ ખુલી જાય, બનાવટી દૂધ, ઘી બનાવીને જનતાનાં પેટમાં પધરાવવામાં આવે, નફાખોરો, સંગ્રહખોરો બેખૌફ બને, શિક્ષણ અને મેડિકલક્ષેત્રમાં પણ મુડીવાદનો માહોલ

### રાજય સરકાર કૌભાંડીઓને સજા આપવાને બદલે બચાવવાનાં પ્રયાસમાં જોવા મળે એટલે અવનવા કાંડ થયા કરે છે

જોવા મળે, રખડતા પશુઓ નિર્દોષ જનતાને પરેશાન કરે, બુટલેગરો, ખનિજ માફિયાઓ બે ખૌફ બને, સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર થાય સહિતની અનેક સમસ્યાઓ ગુજરાતને ઘેરી વળી ચુકી હોય તેવા સમયે સત્તા પક્ષનાં આગેવાનોને સત્તાના નશામાં હાથ ઉલાળીને ગળુ ફાડીને વિકાસની ગુલબાંગો ફેંકવામાં કોઈ શરમ આવતી નથી.

રાજય સરકાર જયારે પણ કોઈ કૌભાંડ અનાયાસે પ્રકાશિત થાય ત્યારે તે કૌભાંડ કરનારને કડક સજા આપવાને બદલે બચાવવાનાં પ્રયાસમાં લાગી જતી હોય તેવું જોવા મળતુ હોવાથી કૌભાંડીઓની હિંમતમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.

### ગળુ ફાડીને કે હાથ ઉલાળીને વિકાસની ગુલબાંગો ફેંકનાર શાસક પક્ષનાં આગેવાનો વાસ્તવિકતા સ્વીકારે

અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં પણ થોડા વર્ષો પહેલા થયેલ અંધાપા કાંડની પણ તટસ્થ તપાસ કરીને કસુરવાનો સામે નમૂનારૂપ કામગીરી કરવામાં આવી નથી તે પણ સૌ સારી રીતે જાણે છે.

સૌથી વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે, રાજયની જનતાને લૂંટનાર કે પરેશાન કરનાર શખ્સો સત્તા પક્ષનાં આગેવાનો સાથે અનેક વખત મંચ પર બિરાજમાન થતાં જોવા મળી રહ્યા છે અને રાજયની જનતાની દશા ખરેખર દયાજનક બની ચુકી છે.

અમદાવાદની ખ્યાતી હોસ્પિટલનાં કાંડ બાદ હજુ સુધી

અનુસંધાન પાના ૬ ઉપર

જન્નત નશીન

મર્હુમ ફહદ હાજી અંજુમભાઈ સૈયદ
(ઉ.વ.૧૨) (ગામ - જેસર)
વફાત : તા.૦૫-૧૧-૨૦૨૪ને મંગળવાર

અમારા પરિવારના સૌથી નાના લાડકવાયા અને હાજી ફહદ હાજી અંજુમભાઈ સૈયદ (ઉ.વ.૧૨) જેસર નિવાસી મકકા શરીફ ઉમરાહની સફરમાં ગયેલ ત્યાં અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. અલ્લાહ પાસે દુઆ છે કે તેમને જન્નતુલ ફિરદૌષમાં આલાથી આલામકામ અતા કરે તેમના દરજાત બુલંદ કરે અને રસુલેપાકના સદકામાં તેમની મગફીરત ફરમાવે, આમીન...

લી.
ઈરફાન ગાંધી
ઈસ્માઈલભાઈ ગફુલભાઈ અગવાન
આસીફભાઈ ઈસ્માઈલભાઈ અગવાન
વાજીદભાઈ ઈસ્માઈલભાઈ અગવાન
સોહિલભાઈ રાજુભાઈ અગવાન
રાજુભાઈ ગફુલભાઈ અગવાન
ઈમરાનભાઈ સુલેમાનભાઈ અગવાન
અમિરભાઈ ઈકબાલભાઈ સૈયદ
જુનેદ ઈરફાનભાઈ ગાંધી
કે જી એન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ - બાબરા
મુ.બાબરા, જી.અમરેલી

MARUTI SUZUKI ARENA
INTRODUCING THE DAZZLING-NEW
DZIRE
THE BEST AND BEYOND

BOOKINGS OPEN
GLOBAL NCAP REVIEW
મારૂતિ સુઝુકી ની કોઈપણ ગાડીના મોડેલ સૌથી વ્યાજબી કિંમતે મેળવવા...એકવાર રૂબરૂ મુલાકાત લો...
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
Alpha Autolink
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

## ભલભલા વાહનચાલકોને માર્ગ પરથી પસાર થવું એટલે ચક્રવ્યુહમાંથી બહાર નિકળવા જેવું

# હે રામ : વડિયાનાં બાંટવા દેવળી ગામનો માર્ગ એટલે તોબા...તોબા

ગામજનોને છેલ્લા ૩ થી ૪ મહિનાથી માર્ગ બનાવવાની માત્ર ખાત્રી જ આપવામાં આવી રહી છે

મળતીયાઓને માર્ગનું કામ આપવાની મથામણ હોવાથી માર્ગ બનતો નથી તેવી પણ ચર્ચા

ગામજનોને ચૂંટણીનાં દિવસોમાં હથેળીમાં ચાંદ બતાવવવામાં આવે અને બાદમાં ભૂલી જવાનું

માર્ગનું વચન આપીને ભૂલી જનાર આગેવાનને પોતાનું વચન યાદ આવે તેવી પ્રાર્થના








વડિયા, તા. ૧૩

વડિયાથી ગોંડલ, રાજકોટ જવાનો મુખ્ય માર્ગ જે છેલ્લા ત્રણ વર્ષથી અતિ બિસ્માર હાલતમાં હોય ફૂટ ફૂટના ખાડાઓમાંથી વાહન ચાલકો, ખેડૂતો અને લોકો પસાર થતા હોય. ત્યારે છેલ્લા બે વર્ષોમાં અહીં અનેકવાર અકસ્માતો થયા છે તો ચોમાસાની ઋતુમાં રસ્તો પણ અકસ્માતથી ચક્કા જામ થયો હતો. ત્યારે સતત ત્રણ વર્ષથી આ બિસ્માર રસ્તા પર પસાર થઈ યાતના ભોગવતા લોકોએ સોશ્યલ મીડિયા અને પ્રેસ મીડિયા દ્વારા અનેકવાર આ બાબતે રાજકીય નેતાઓ અને તંત્રનુ ધ્યાન દોર્યુ હતુ. ત્યારે તે સમયે સ્થાનિક ધારાસભ્ય એવા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા દ્વારા જણાવાયું હતુ કે, રસ્તો મંજુર થઈ ગયો છે હાલ ચોમાસાની ઋતુ ચાલુ છે નવરાત્રી બાદ તુરંત નવો રસ્તો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. ધારાસભ્ય દ્વારા આ વચન આપ્યા બાદ લોકોમાં ખુશીનો માહોલ છવાયો હતો કે હાસ નવો રસ્તો બનશે, હાલાકી દૂર થશે. પરંતુ આ વચન નવરાત્રી બાદ તુરંત રસ્તો બનાવવા માટે આપેલું હોય નવરાત્રી ગઈ, દિવાળી ગઈ અને દેવ દિવાળી પણ ગઈ ત્યારે હજુ આ રસ્તો તેમનો તેમ જ છે. ત્યારે લોકો હવે રસ્તાનું વચન આપવા વાળા ધારાસભ્ય કયાં ખોવાઈ ગયા તેવા સવાલો કરતા થયા છે. તો સ્થાનિક નેતાઓને આ બાબતે લોકો દ્વારા સવાલો કરવામાં આવતા તે પણ હવે જવાબ આપી ના શકતા ઉભી પૂછડીએ ભાગતા જોવા મળી રહ્યા છે.

ત્યારે હાલ સ્થાનિક વિપક્ષી લોકોમાં એવી ચર્ચા સાંભળવા મળી રહી છે કે બરવાળા બાવળ ગામે કોજવેના ભ્રષ્ટાચારમાં સંડોવાયેલ યુવા નેતાઓને આ કામ સોંપીને ફરી ભ્રષ્ટાચાર કરવાનો હશે એટલે ગોઠવણ થાય પછી જ કામગીરી કરવી હશે તેવા ટોણા પણ સત્તાધારી ભાજપ પક્ષને યુવા ભાજપના ભ્રષ્ટાચારના કારણે સાંભળવા પડી રહ્યા છે. ત્યારે વચનો આપીને ભૂલી ગયેલા આ નેતાઓને હવે લોકોની દયા આવતી હોય તો આ રોડ બનાવવાની લોકમાંગણી જોવા મળી રહી છે. ભાજપના નેતાઓ આ ત્રણ વર્ષથી પીડાતી જનતાની સમસ્યા બાબતે અગાઉ પણ અનેક વાર મીડિયાના માધ્યમથી ધ્યાન દોર્યુ હતુ તે ફરી વાર નેતાઓએ આપેલા વચનની વાસ્તવિકતા સત્ય સાથે ધ્યાને મુકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ત્યારે આ વચન મીડિયાએ ફરી યાદ કરાવ્યું છે. ત્યારે યુવા ભાજપના ભ્રષ્ટાચારી નેતાઓ લોટ, પાણી ને લાકડા સમાન કામગીરીમાં સત્ય સામે લાવતા મીડિયાને નોટિસ આપે છે. તો આ બાબતે પોતાના જ વચન ભૂલેલા ધારાસભ્યને પણ કેમ રોડના કામનુ વચન આપી ફરી ગયા? તે બાબતે નોટિસ આપશે કે પછી રોડના કામમા ભ્રષ્ટાચારની ગોઠવણ કારી મલાઈ તારવવાની રજુઆત કરશે તે તો આવનારો સમય જ બતાવશે.

## દબાણ નોંધવામાં ચોક્કસ જ્ઞાતિને ધ્યાને લેવાઈ હોવાનો આક્ષેપ

# લ્યો બોલો : જસવંતગઢમાં અનેક વ્યકિતઓએ દબાણ કર્યુ છતાં ગામ પંચાયતમાં ૩ વ્યકિતઓનાં દબાણ નોંધાયા

### ‘‘એક બનેંગે સેફ બનેંગે’’નાં નારા વચ્ચે અલગ દ્રશ્ય

અમરેલી, તા. ૧૩

અનુસૂચિત જાતિના લોકો સાથે જ્ઞાતિ આધારિત ભેદભાવ. જશવંતગઢ ગામમાં અનેક લોકોનું જાહેર દબાણ પણ જાતિ આધારિત ભેદભાવ જુઓ ગામના ગ્રામ પંચાયતના દબાણ રજીસ્ટરમાં ફકત ત્રણ અનુસૂચિત જાતિના લોકોના દબાણકાર તરીકે નામ છે, આને ભેદભાવ કહેવાય કે નહિ?

આખા જસવંતગઢ ગામમાં પીવાના પાણીની વાસ્મો દ્વારા પાઈપલાઈન નાખવાની છે તેમાં આંબેડકર કોલોનીને બાકાત રાખવામાં આવેલ છે આને ભેદભાવ કહેવાય કે નહિ?

પંદર વર્ષ પહેલા તાલુકા પંચાયત અમરેલી દ્વારા જશવંતગઢ ગામમાં ૪૯ લોકોના મફત પ્લોટ મંજૂર કરવામાં આવેલ છે, હજુ સુધી કબ્જા આપવામાં આવેલ નથી, આને ભેદભાવ કહેવાય કે નહિ?

જશવંતગઢ ગામમાં ગામતળ મંજૂર કરવામાં આવેલ ત્યાં અનુસૂચિત જાતિના લોકોને પ્લોટ ન મળે તે માટે ષડયંત્ર કરી પંદર–પંદર ફૂટના ખાડા કરી નાખવામાં આવ્યા આને ભેદભાવ કે અત્યાચાર કહેવાય કે નહિ?

અનુસૂચિત જાતિના ગામતળ ફેરબદલી કરી આપવા છેલ્લા ઘણા સમયથી માંગણી કરી રહ્યા છે પણ તંત્ર ગામતળ ફેરબદલ કરતું નથી, એક બાજુ ગામતળમાં ઊંડા ખાડા કરી નાખી અનુસૂચિત જાતિના લોકોને મફત પ્લોટની જમીનમાં પ્લોટ ન મળે તેવું ષડયંત્ર અને ગામતળ ફેરબદલ ન કરી આપવું, આને ભેદભાવ કહેવાય કે નહિ?

જશવંતગઢ ગામ આખમાં ખુબજ મોટા પ્રમાણમાં સરકારી જમીનમાં દબાણ તમામ જ્ઞાતિના લોકોએ કરેલ છે, પણ અનુસૂચિત જાતિના ત્રણ લોકોને ટારગેટ કરી મકાન પાડી નાખવાની નોટિસ આપવામાં આવે છે, આને જ્ઞાતિ આધારિત ભેદભાવ કહેવાય કે નહિ?

## તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

# મહારાષ્ટ્રમાં ખેડૂતોના દેવા માફીનું વચન તો ગુજરાતના ખેડુતોને દેવા માફી કેમ નહી

### ભાજપનાં શાસનમાં ખેડુતો બન્યા દેવાદાર

અમરેલી, તા. ૧૩

તાજેતરમાં જ મહારાષ્ટ્ર રાજયમાં વિધાનસભાની ચુંટણીના અનુસંધાને ભાજપ પક્ષે તેમના ચૂંટણી ઢ ઢેરામાં ખેડતોના મત મેળવવા માટે ખેડુતોના દેવા માફીનું વચન ભાજપ પક્ષે આપેલું છે, જો ભાજપ પક્ષ મહારાષ્ટ્રના ખેડૂતોને દેવા માફીનું વચન આપી શકાતી હોય, તો ગુજરાત રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન હોય અને ભાજપના શાસનમાં ગુજરાતનો ખેડુત દેવાદાર બની ગયો હોય, તો ગુજરાતના ખેડુતોના દેવા માફ શા માટે ગુજરાતની ભાજપ સરકાર કરતી નથી ? માત્રને માત્ર ગુજરાતના ખેડતોને મૂર્ખ બનાવવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં કામ કરી રહી છે, ચાલુ વર્ષે ગુજરાત રાજયમાં અતિવૃષ્ટિના મારથી ગુજરાતના ખેડૂતોનો સમગ્ર પાક પાયમાલ થયો છે, ત્યારે ખેડુતોના મોંઢ ામા આવેલો કોળિયો છીનવાઈ ગયો છે, આમ જયારે કુદરતી આપત્તિ આવી હોય ત્યારે સરકારે ખેડૂતના હમદર્દ થઈને




પડખે ઊભા રહેવાના બદલે સહાય પેકેજના નામે ખેડૂતોની ક્રૂર મશ્કરી કરવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર કરી રહી છે, જયારે ખેડતોના ચોમાસુ પાક સદંતર નિષ્ફળ ગયો છે ત્યારે આ આપદામાંથી બહાર નીકળવા માટે ખેડૂતો શિયાળુ પાક માટેના વાવેતરની તૈયારી કરી રહ્યા છે જેના માટે પાયાનું ખાતર DAP કે ઈફકોનું ૧૨:૩૨:૧૬ સહકારી મંડળીઓમાં કે સહકારી તાલુકા જીલ્લા સંઘમાં છેલ્લા ઘણા દિવસોથી ખેડૂતોને મળતું નથી અને જો અનાયાસે કોઈક મંડળી કે સંઘમાં ખાતર હાજરમાં મળી જાય તો તે ખાતરની બેગ સાથે એક બોટલ નેનોની ફરજીયાત ખેડુતને આપવામાં આવે છે, આમ ખેડુતોને એન–કેન પ્રકારે મારવાનું કામ ગુજરાતમાં ભાજપના શાસકો કરી રહ્યા છે, અમરેલી જીલ્લામાં ધારાસભ્યો, સંસદ સભ્યો, તાલુકા પંચાયતો, જીલ્લા પંચાયતો, ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓ, આ બધુ જ ભાજપનું હોવા છતાં અમરેલી જીલ્લાને અતિવૃષ્ટિથી નુકસાનના સહાય પેકેજમાંથી બાકાત રાખવામાં આવ્યો છે જે ભાજપની નબળી નેતાગીરી પુરવાર કરે છે, જો ખરેખર ભાજપના શાસકો ખેડૂતોનું હિત ઈચ્છતા હોય તો મહારાષ્ટ્રમાં ચૂંટણીના અનુસંધાને ખેડૂતોના દેવા માફી આપવા માટેનું વચન ભાજપ પક્ષ તેમના ચૂંટણી ઢંઢેરામાં આપતી હોય તો ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન હોય તો ગુજરાતના ખેડૂતોના દેવા શા માટે માફ કરવામાં આવતા નથી ? તેઓ વેધક સવાલ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ કર્યો છે.

## મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારીનાં ભયંકર માહોલ વચ્ચે

# અમરેલી જિલ્લામાં શિક્ષકની ભરતી પ્રક્રિયા શરૂ થતા મોટી સંખ્યામાં ભાવિ શિક્ષકો ઉમટી પડયા

### આધુનિક યુગમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા છતાં લાઈનો લાગી




અમરેલી, તા. ૧૩

આપણાં ગુજરાતમાં એક શિક્ષક માટે કહેવત પ્રચલિત છે, કે ‘‘ શિક્ષક કભી સામાન્ય હોતા નથી’’ ત્યારે હાલમાં ગુજરાત સહિત અમરેલી જિલ્લામાં શિક્ષકોની ભરતી માટેની સરકાર દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. ત્યારે અરજી ફાર્મ જમા કરાવવા માટેના સ્વિકાર કેન્દ્ર ઉપર બી.એડ.નો અભ્યાસ કરેલા બેરોજગાર ભાવી શિક્ષકોનો લાઈનો લગાવી મેળ ાવડો જામી રહયો છે. જેના ઉપરથી બેરોજગારની દશા અને દિશાનો અંદાઝ આવી રહયો છે.

અમરેલી જિલ્લામાં શિક્ષકોની ભરતી માટેની સરકાર દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જેમાં ગત તા. ૭ થી આગામી તા.૧૬ સુધી શિક્ષક બનવા માટે માન્ય ઉમેદવારને અરજી ફાર્મ ઓનલાઈન નિયત ફાર્મ ભરી અને તે ફોર્મની પ્રિન્ટ તથા જરૂરી ડોકયુમેન્ટની ફોટો કોપી તથા જરૂરી ફી અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ઉપર બી.આર.સી. ભવન ખાતે આવેલ સ્વિકાર કેન્દ્ર ઉપર ડોકયુમેન્ટ જમા કરાવવા રૂબરૂ જવું પડે છે.

હાલમાં સરકાર તથા રિઝર્વ બેન્ક લોકો પાસે ડિઝિટલ પેમેન્ટ માટે અપેક્ષા રાખે છે. ત્યારે સરકારનો જ ગણાતો આ શિક્ષણ વિભાગ ભરતી ફાર્મ સાથે ભરવાની થતી ફી રોકડમાં ઉઘરાવી રહી છે. શું આ શિક્ષણ વિભાગને ડિઝિટલ પ્રક્રિયા ઉપર જ વિસ નથી?

સામાન્ય રીતે રાજય સરકાર દ્વારા ભરતી પ્રક્રિયામાં ઓનલાઈન ફાર્મ ભરાવે છે. તે માટે સરકાર દ્વારા એજન્સી પણ નક્કી કરવામાં આવેલ છે. જેમાં તમામ ભરતી પ્રક્રિયા તથા ભરવાની થતી ફી પણ ઓનલાઈન ભર્યા બાદ ભરેલ ફાર્મ તથા ડોકયુમેન્ટ તપાસણી અને મેરિટ લિસ્ટ પણ ઓનલાઈન જાહેર કરવામાં આવે છે. આમ છતાં પણ કોઈ ભુલ હોય તો રજુઆત કરવા માટે સમયગાળો આપવામાં આવે છે.

રાજય સરકાર ધા કર્મચારીની ભરતી પ્રક્રિયા ઓનલાઈન કરે છે. તો પછી સરકારનો આ શિક્ષણ વિભાગ શા માટે ભાવી શિક્ષકોને લાઈનમાં શા માટે ઉભા રહેવા મજબૂર કરે છે. તે માટે કેમ ઓનલાઈન કે સરળ પ્રક્રિયા કેમ અપનાવતું નથી તે પણ એક યક્ષ સવાલ છે. ત્યારે અત્યારના ડિઝિટલ યુગમાં શિક્ષક બનાવ માટેની જરૂરી પરીક્ષા પાસ કરનારા ભાવી શિક્ષકો માટે આવો ભેદભાવ કેમ રાખવામાં આવે છે. તે કોઈને કંઈ પણ સમજાતું નથી.

# આજે બાલદિનએ ‘‘આવો બાળકોને સમજીએ’’

અમરેલી, તા. ૧૩

વર્તમાન સમયમાં દરેક માતા–પિતા પોતાના બાળક માટે બહુ વિધ ચિંતિત છે માટે ઘણીવાર બાળકો સાથે એવું વર્તન કરવામાં આવે છે. જેથી બાળક પર અને તેના વિકાસ પર બાધારૂપ બને છે.

આજના દિવસે માતા પિતા માટે અમુક મુદાઓ પર તમારી સમક્ષ મૂકી રહ્યો છુ જે આપને ઉપયોગી થશે.

– ભૂલ દરેક વ્યકિત – દરેક બાળકથી થઈ શકે છે. માટે ચિંતા ન કરો.

– અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે.

– જીંદગીમાં દરેક વ્યકિત સાથે અનુકૂળ તા હોવી જરૂરી નથી. માટે બાળક સાથે અનુકૂળ જાળવવું જરૂરી છે.

– માતા પિતાના સબંધોની બાળકના વર્તન વાણી ઉપર સિધી અસર પડે છે.

– મોટે ભાગે માતાની વધારે પડતી ચિંતાની બાળકના મન ઉપર સીધી



અસર પડે છે.

– માતા જેટલી માનસિક રીતે સ્વસ્થ, બાળક પણ એટલું જ સ્વસ્થ.

– તમારા કામ બાળકો પાસે ના કરાવો.

– બાળક સાથે ધીરજપૂર્વક વર્તવું જરૂરી છે.

– બાકળને વધારે પડતો લાડ ન લડાવો.

– શાંતિથી તમારી વાત જણાવો.

– બાળકોને શાંતિથી ધ્યાન દઈને સાંભળો.

– તમને ન ગમતી પ્રવૃતિ જો બાળક કરે, તો પણ તેનું અપમાન ના કરો.

– દરેક નાની સફળતા માટે તેમણે પ્રોત્સાહિત કરો.

– બાળકને સ્વતંત્રના આપો. તેને ગમતી પ્રવૃતિ માટે પ્રોત્સાહિત કરો.

– બીજા બાળકો સાથે તેની સરખામણી ના કરો.

– દરેક અલગ છે. તેની જરૂરીયાત અલગ છે. તેની આવડત અલગ છે.

– ભણવું અભ્યાસ જરૂરી છે. પરંતુ તે એક માત્ર જીંદગી નથી.

– બાળક અભ્યાસમાં નબળો હોય તો તે જીંદગીમાં કાંઈ ના કરી શકે તેવું નથી.

– બાળકની મર્યાદા સ્વીકારો.

– બાળકને ભરપૂર પ્રેમ આપો.

## રાજકીય અને આર્થિક શકિત ધરાવનાર સામે ઘુંટણિયે પડી જતાં

# લે બોલ : બગસરા પાલિકાનાં શાસકો રેંકડીધારકો સામે રૂઆબ કરે છે

**શહેરમાં દિનપ્રતિદિન રોજગારી મળવી મુશ્કેલ છે તેવા સમયે રોજેરોજ પેટિયુ રળનારને પરેશાની**

**કાળઝાળ મોંઘવારીમાં શ્રમિકોને ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે તેવા સમયે પરેશાની**

**રેંકડીધારક રૂપિયા ર૦૦ની પહોંચ ન ભરે તો ટ્રાફિકમાં નડતર માનીને દૂર કરે**

**ધારાસભ્ય અને સાંસદ ગરીબ રેંકડીધારકોની મદદ કરીને પાલિકાનાં શાસકોને રૂકજાવની સુચના આપે**





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા એટલે એવું ગામ આ છેડેથી નીકળો ત્યાં શામાં છેડે પહોંચો ત્યાં થોડીકવારમાં જ પૂર્ણ થતું નાનું એવું ગામ જેમાં કોઈ પણ જાતના ઉદ્યોગ નથી, કોઈ ગૃહ ઉદ્યોગ નથી ત્યારે ૨૦૧૫ થી પછડાટ થયેલ બગસરામાં અનેક આર્થિક સમસ્યાઓથી ઘેરાયેલું બગસરામાં નાના નાના વેપારી, રેંકડીધારકો પોતાનું પેટીયુ રળતા હોય. ત્યારે નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ખોટી રીતે નાના નાના ગરીબ રેંકડીવાળાઓને ૨૦૦ની પાવતી આપી ખોટી રીતે નગરપાલિકાના સત્તાધીશો હેરાન કરતા હોય. ત્યારે અનેક રાજકારણીઓની બિલ્ડીંગો ગેરકાયદેસર હોય જેને જોવાતું નથી. ત્યારે અમુક તો બાંધકામો કોમ્પ્લેકસના કોમ્પ્લેકસ બની ગયેલ છે જેમાં સાત–આઠ વર્ષથી બાંધકામની મંજૂરી લીધેલ નથી અને ગેરકાયદેસર રીતે બાંધકામ કરી નાખેલ છે. ત્યારે આવા રાજકારણીઓ પાસે સત્તાધીશોને અને ચીફ ઓફિસરને બીક લાગતી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે બગસરામાં સાર્વજનિક પ્લોટમાં બાંધકામ કર્યુ હોય તેવી અનેક જગ્યાઓ જોવા મળશે. ચીફ ઓફિસરને આવા નાના નાના પોતાના ધંધા રોજગાર અને ટકે ટકનું ખાતા હોય તેવા રેંકડી ધારકોને ખોટી રીતે હેરાન કરવામાં આનંદ આવતો હશે. કારણ કે તેઓ મોટા મોટા રાજકારણીઓ સત્તાધીશો મોટી વગ ધરાવતા લોકો પાસે જઈ શકે તેમ નથી એટલા માટે આવા નાના નાના લોકો ઉપર રોફ જમાવી હેરાન કરવાનું શરૂ કર્યુ છે. ત્યારે નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો આનંદથી તમાશો જુએ છે. નગરપાલિકાની ચૂંટણી નજીક હોય ત્યારે ઘરે ઘરે રીક્ષા મોકલીને ભાઈસાબ બાપા કરી મત મેળવનાર આ લોકો નાના માણસોને હેરાન કરવાનું કયારે બંધ કરશે ? તેઓ વેધક સવાલ રેંકડી ધારકના પરિવારો દ્વારા સવાલ ઉઠયા છે. બગસરામાં વર્ષોથી ધંધો કરતા નાના નાના વેપારીઓને પોતાના રોજી રોટી આ શાકભાજી વેચીને કમાવાની હોય છે. હાલ બે ત્રણ દિવસ પહેલા નગરપાલિકાના સત્તાધીશો લારીઓવાળા પાસે આવ્યા હતા અને લારીમાંથી શાકભાજી ઉઠાવીને કચરાના ટ્રેકટરમાં ઘા કરવા લાગ્યા હતા. તેમને ખબર છે કે માર્કેટિંગ યાર્ડમાં શાકભાજીનો શું ભાવ છે તેને તો માત્ર પહેલી તારીખ આવે એટલે પોતાના ખાતામાં પગાર પડી જતો હોય છે તેને શું ખબર હોય છે કે આ શાકભાજીની શું કિંમત છે. આખી શાકભાજીની લારીમાં ભરેલ શાકભાજી વેચે ત્યારબાદ નફો નીકળે છે. આવું જ રહ્યું તો બગસરા ૯ વર્ષ પહેલા ભારે વરસાદથી ભાંગી પડયું છે ત્યારબાદ અનેક વાવાઝોડા આવ્યા, કોરોનાની મહામારી આવી છે. બગસરા સાવ ભાંગી પડશે તેમ લાગી રહ્યું છે. નગરપાલિકાના ચીફ ઓફિસરને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અનેકવાર રજૂઆત કરેલ કે આ નાના નાના રેંકડી ધારકોને હેરાન કરવાનું બંધ કરો. જો ૨૦૦ રૂપિયા આપો તો ટ્રાફિક નડતું નથી અને ૨૦૦ રૂપિયા ન આપો તો ટ્રાફિક નડે તેવી બેવડી નીતિ સામે લોકોમાં રોષ જોવા મળ્યો છે. તાજેતરમાં નગરપાલિકામાં રેંકડી ધારકો તથા ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો ચીફ ઓફિસરને રજૂઆત કરવા નગરપાલિકાએ પહોંચ્યા હતા. પરંતુ તેમણે નનૈયો કરતા રેંકડીધારકો પાછા ફર્યા હતા.

## દામનગરમાં શાકભાજીના થડા શરૂ કરવા ડબલ એન્જિન સરકાર તાકિદે મંજુરી આપે




દામનગર, તા. ૧૩

દામનગરમાં છેલ્લા ૧૨ વર્ષમાં એક રાભડા–ધામેલ રોડ ચોકડી પર ૨૪ થડા, અને પ્રાથમિક શાળા નંબર–૧ ને અડીને ૧૪ થડા (શાકભાજીના) બનાવ્યા તે ખંઢેર બની રહ્યા છે અને આ બાજુમાં ગંદકીને કારણે માખી – મચ્છરોનાં ઉપદ્રવથી વાતાવરણ કલુષિત બની રહ્યું છે...!! બાર–બાર વર્ષ થયા છતાં હજુ મંજૂરી માટે ડબલ એન્જિન સરકારમાંથી રાહ જોવાઈ રહી છે...!! આ બંને વિસ્તારના થડા શરૂ કરાવવા માટે સ્થાનિક લેવલે થી અને ભાજ પનાં ધારાસભ્ય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને અસરકારક રજૂઆત કરે અને નગરપાલિકાને આ થડા શરૂ થયે થી આવક શરૂ થાય તે જરૂરી છે.

### રાજમંદિર હોટેલ નજીકથી

## રાજુલામાંથી પોલીસે વિદેશી દારૂની ૨૩ બોટલ સાથે આરોપીઓની અટકાયત કરી

**છતડીયા ગામેથી વિદેશી દારૂ લાવ્યાનું ખુલ્યું**

અમરેલી, તા. ૧૩

રાજુલા ગામે આવેલ રાજમંદિર હોટલ પાસે ગત તા.૧૨ના રાત્રીના ૧૨:૧૫ કલાકે રાજુલા તાલુકાના છતડીયા ગામે રહેતા મહીપતભાઈ ધીરૂભાઈ વાળા તથા રાજુલાના વડનગરમાં રહેતા હિતેષભાઈ ભાણાભાઈ બાબરીયા નામનાં ઈસમોએ પોતાના કબ્જામાં અલગ–અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ–૭ તથા ખાલી બોટલ નંગ–૨૩ જેની કુલ કિંમત રૂપિયા ૪૫૫૮ની રાખી ઝડપાઈ ગયા હતા. પોલીસે પુછપરછ કરતા આ દારૂનો જથ્થો તેમણે રાજુલા તાલુકાના છતડીયા ગામે રહેતા પ્રતાપભાઈ મેરામભાઈ ધાખડા પાસેથી મેળવ્યાનું જણાવતા પોલીસે ત્રણેય ઈસમો સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજુલામાં ટ્રાન્સપોર્ટનાં ધંધાને લઈને માથાકુટ

અમરેલી તા.

રાજુલાના ઘાંચીવાડ વિસ્તાર, આગરીયા જકાતનાકા પાસે રહેતા સફીરભાઈ ઉસ્માનભાઈ કાબરીયા નામનાં ૨૭ વર્ષિય યુવક તથા રાજુલા ગામે રહેતા આરોપીઓ હફીજભાઈ કાદરભાઈ કાબરીયા, અમનભાઈ કાદરભાઈ કાબરીયા, જાવીદભાઈ યુનુસભાઈ કાબરીયા તથા ઈરફાનભાઈ યુનુસભાઈ કાબરીયા ટ્રાન્સપોર્ટનો એક સરખો ધંધો કરતા હોય જે વાત આરોપીઓને ગમતી ન હોય જેથી આરોપીએ યુવકને ફોન કરી ગાળો આપી બાદમાં યુવકની ઓફીસે જઇ લોખંડની એંગલ વડે યુવકની ઓફીસના કાચ તોડી નાખી નુકશાન કરી તથા માર મારી ઈજાઓ કરી તથા આરોપીએ અન્ય એક વ્યકિતને પણ ધક્કો મારી દેતા જમણા હાથે અગુઠાના ભાગે કાંચ વાગી જતા મુંઢ ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

### દારૂ વેચાતો માંગતા તે ન મળતા બાદમાં

## રાજુલામાં ખેડૂત યુવક સાથે ઝપાઝપી કરીને રૂપિયા ૧૦ હજારની લૂંટ ચલાવાઈ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકાના છતડીયા ગામે નર્મદા પાણીના ટાંકા વિસ્તારમાં રહેતા મહીપતભાઈ ધીરૂભાઈ વાળા નામનાં ૩ર વર્ષિય ખેડુત યુવક તથા હિતેષભાઈ બાબરીયા બંન્ને ગત તા. ૧૧ના રાત્રીના આશરે સાડા નવેક વાગ્યાની આસપાસ રાજુલા ગામે રાજ મંદિર હોટલ પાસે માવો ખાવા માટે ઉભા હતા. તે વખતે રાજુલાના વડ ગામે રહેતા શીવાભાઈ વાલાભાઈ ધાખડાએ ખેડુત યુવક પાસે આવી તે દારૂનો ધંધો ન કરતો હોવા છતાં તેમણે ખેડુત યુવક પાસે દારૂ વેચાતો માંગતા ખેડુત યુવકે દારૂ આપવાની ના પાડતા આરોપીને સારૂ નહીં લાગતા જેમફાવે તેમ ગાળો બોલી પોતાની સાથે માણસો લઈને આવું છું તેમ કહી આરોપી જતા રહેલ. બાદમાં રાજુલા ગામે રહેતા આરોપી જીગો કુંભાર તથા વિપુલ નાનજીભાઈ ચૌહાણ સાથે મોટર સાયકલ લઈ આવી ખેડુત યુવકનો વીડીયો ઉતારી વીડીયો વાયરલ કરવાની ધમકી આપી ખેડુત યુવકને ગાળો આપી, ઝપાઝપી કરી ધકો મારી નીચે પછાડી દઈ અને ઢસડીને અંધારામાં લઈ જઈ આરોપીઓએ ખેડુત યુવકને પકડી રાખી તેમના ખિસ્સામાંથી રોકડા રૂા.૧૦,૦૦૦ ની લુંટ ચલાવી અને જાનથી મારી નાખવાની ધમકી આપી નાશી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### બુલડોઝર કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

# બુલડોઝર એક્શનનું મનમાની વલણ સહન કરાશે નહીં : SC

## જો કોઈ કેસમાં આરોપી એક છે તો ઘર તોડીને સમગ્ર પરિવારને કેમ સજા આપવામાં આવે ? સમગ્ર પરિવાર પાસેથી તેમનું ઘર છીનવી શકાય નહીં

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહી પર આજે મહત્વનો ચુકાદો આપતા કહ્યું કે આ કાયદાનો ભંગ છે. કોઈ કેસમાં આરોપી હોવા કે દોષિત ઠરે તો પણ ઘર તોડવું યોગ્ય નથી. કોર્ટે કહ્યું કે કાયદાનું રાજ હોવું જોઈએ. બુલડોઝર એક્શન પક્ષપાતપૂર્ણ હોઈ શકે નહીં.

ખોટી રીતે ઘર તોડવામાં આવે તો વળતર મળવું જોઈએ. જવાબદાર અધિકારીઓને છોડવા જોઈએ નહીં. અમે તમામ પક્ષોને સાંભળ્યા બાદ આદેશ આપ્યો છે. અમે વિશેષજ્ઞોના સૂચનો પર વિચાર કર્યો છે.

કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે બુલડોઝર એક્શનનું મનમાની વલણ સહન કરાશે નહીં. અધિકારી મનમાની રીતે કામ કરી શકે નહીં. જો કોઈ કેસમાં આરોપી એક છે તો ઘર તોડીને સમગ્ર પરિવારને કેમ સજા આપવામાં આવે? સમગ્ર પરિવાર પાસેથી તેમનું ઘર છીનવી શકાય નહીં. બુલડોઝર એક્શન હકીકતમાં કાયદાનો ભય નથી એવું દર્શાવે છે.

કોર્ટે આ પહેલા ચુકાદો સંભળાવતા કહ્યું હતું કે ઘર એક સપના જેવું હોય છે. કોઈનું ઘર તેની અંતિમ સુરક્ષા હોય છે. આરોપીના કેસમાં પૂર્વાગ્રહથી પીડિત ન હોઈ શકાય. સરકારી શક્તિઓનો દુરઉપયોગ ન થવો જોઈએ. અપરાધીની સજા ઘર તોડવી એ નથી. કોઈ પણ આરોપીનું ઘર તોડી શકાય નહીં.

કોર્ટે બુલડોઝર એક્શન પર દિશાનિર્દેશનો ઉલ્લેખ કરતા કહ્યું કે બુલડોઝર એક્શનને લઈને ઓછામાં ઓછી ૧૫ દિવસનો સમય આપવો જોઈએ. નોડલ અધિકારીને ૧૫ દિવસ પહેલા નોટિસ મોકલવી પડશે. નોટિસ વિધિવત રીતે મોકલવી જોઈએ. આ નોટિસ નિર્માણ સ્થળ પર લગાવેલી પણ હોવી જોઈએ. આ નોટિસને ડિજિટલ પોર્ટલ પર મૂકવી પડશે. કોર્ટે આ માટે ત્રણ મહિનાની અંદર પોર્ટલ બનાવવાનું કહ્યું છે. પોર્ટલ પર આ નોટિસોનો ઉલ્લેખ કરવો જરૂરી રહેશે. કોર્ટે કહ્યું કે કાનૂનની પ્રક્રિયાનું પાલન જરૂરી છે. સત્તાનો દુરઉપયોગ સહન નહીં કરાય. અધિકારી કોર્ટની જેમ કામ કરી શકે નહીં. પ્રશાસન જજ ન હોઈ શકે. કોઈની છત છીનવી લેવી એ અધિકારોનો ભંગ છે. કોર્ટે ચુકાદામાં સ્પષ્ટપણે કહ્યું કે દરેક જિલ્લાના ડીએમ પોતાના ક્ષેત્રાધિકારમાં કોઈ પણ સંરચનાને તોડવા અંગે એક નોડલ અધિકારીને નિયુક્ત કરશે. આ નોડલ અધિકારી આ સમગ્ર પ્રક્રિયાને સુનિશ્ચિત કરશે કે સંબંધિત લોકોને નોટિસ સમયસર મળે અને આ નોટિસ પર જવાબ પણ યોગ્ય સમય પર મળી જાય. આ પ્રકારે કોઈ પણ સ્થિતિમાં બુલડોઝર પ્રક્રિયા આ નોડલ અધિકારી દ્વારા થશે.

ચુકાદાની મહત્વની વાતો

- સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઘર એ મૌલિક અધિકાર છે.
- જો તોડવાનો આદેશ અપાય તો પણ સંબંધિત પક્ષને સમય આપવો જોઈએ જેથી કરીને તે આદેશને પડકારી શકે.
- સુપ્રીમ કોર્ટે દિશા નિર્દેશ પણ નક્કી કર્યા, જે મુજબ કારણ દર્શાવો નોટિસ વગર કોઈ મકાન તોડવું જોઈએ નહીં.
- ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય આપવો જોઈએ.
- નોટિસ રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલવી જોઈએ. મકાનની બહાર પણ તેને ચીપકાવી જોઈએ.
- નોટિસમાં સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ કે કેવી રીતે નિયમોનો ભંગ થયો છે.
- ઓથોરિટીએ મકાન માલિકને સુનાવણીની તક આપવી જોઈએ.
- ડિમોલિશનની પ્રક્રિયાની વીડિયોગ્રાફી થવી જોઈએ.
- ડિમોલિશન રિપોર્ટને ડિજિટલ પોર્ટલ પર મૂકવો જોઈએ.

### દેવેન્દ્ર ફડણવીસના સામાનનું પણ ચેકિંગ કરાયું

# ચૂંટણી અધિકારીઓ દ્વારા નીતિન ગડકરીના સામાનની પણ તપાસ

## ભારતીય જનતા પાર્ટીએ ફડણવીસનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમની બેગ તપાસવામાં આવી રહી છે

મુંબઈ, તા. ૧૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન નેતાઓની બેગ ચેક કરવાનો મુદ્દો ભારે ચર્ચાસ્પદ છે. શિવસેના UBT ચીફ ઉદ્ધવ ઠાકરેએ વાંધો ઉઠાવ્યા પછી, ભારતીય જનતા પાર્ટીએ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમની બેગ તપાસવામાં આવી રહી છે. તાજેતરમાં જ ચૂંટણી અધિકારીઓ દ્વારા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની બેગની પણ તપાસ કરવામાં આવી હતી.મહારાષ્ટ્ર ભાજપે કહ્યું કે, 'જવા દો, કેટલાક લોકોને દેખાડો કરવાની આદત છે. જુઓ આ વીડિયો, ૭ નવેમ્બરે યવતમાલ જિલ્લામાં અમારા નેતા દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરવામાં આવી હતી, પરંતુ તેમણે કોઈ વીડિયો બનાવ્યો નહીં. આ પહેલા ૫ નવેમ્બરના રોજ કોલ્હાપુર એરપોર્ટ પર દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરવામાં આવી હતી. બંધારણને માત્ર દેખાડો કરવા માટે અપનાવવામાં આવતું નથી, તેનું પાલન કરવું પણ જરૂરી છે. અમે માત્ર વિનંતી કરીએ છીએ કે, દરેકને બંધારણની જાણકારી હોવી જોઈએ.''

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે બિનજરૂરી રીતે ચૂંટણી અધિકારીઓ દ્વારા તેમની 'બેગ'ની ચકાસણીનો વિરોધ કરીને ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આ બીજું કંઈ નથી પરંતુ વોટ માંગવાનો ઉપાય છે, બેગને તપાસવામાં શું ખોટું છે?''અહેવાલ મુજબ, કેન્દ્રીય મંત્રી ગડકરી સિવાય ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા વિનોદ તાવડેની બેગની પણ તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત કોંગ્રેસના અમિત દેશમુખ અને પ્રદેશ અધ્યક્ષ નાના પટોલે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના રાજ ઠાકરે અને RPIના રામદાસ આઠવલેની બેગ પણ તપાસવામાં આવી હતી.ઠાકરેએ દાવો કર્યો હતો કે, મંગળવારે જ્યારે તેઓ ચૂંટણી પ્રચાર માટે લાતુર જિલ્લામાં પહોંચ્યા ત્યારે ચૂંટણી અધિકારીઓએ તેમની 'બેગ' તપાસી હતી. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રીની ટીમે પણ આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. વીડિયોમાં ચૂંટણી અધિકારીઓ સાથે વાત કરતી વખતે શિવસેના પ્રમુખ તેમને તેમના નામ પૂછતા સંભળાયા હતા. તેઓ પૂછે છે કે, 'તમે અત્યાર સુધી કેટલા લોકોને શોધ્યા?' જ્યારે તેમણે જવાબ આપ્યો કે, તે પ્રથમ છે, ત્યારે તેમણે કહ્યું, 'તો હું પ્રથમ ગ્રાહક છું.' હકીકતમાં, આદર્શ આચાર સંહિતા લાગુ થયા પછી, ચૂંટણી અધિકારીઓ નિયમિતપણે ઓચિંતી તપાસ કરે છે જેથી મતદારોને આકર્ષવા માટે ભેટ આપવી અને રોકડ વિતરણ જેવી પ્રવૃત્તિઓ અટકાવી શકાય.

### મહારાષ્ટ્રમાં અમિત શાહ કોંગ્રેસ પર વરસ્યા

# ઈન્દિરા ગાંધી સ્વર્ગમાંથી ઉતરી આવશે તો પણ કલમ ૩૭૦ હટશે નહીં

## મનમોહન સિંહના સમયમાં ભારત વિશ્વ અર્થવ્યવસ્થાની યાદીમાં ૧૧મા સ્થાને હતું, હવે પાંચમા સ્થાને આવ્યું છે

ધૂલે, તા.૧૩

જમ્મુ-કાશ્મીરમાં નવી સરકારની રચના બાદ કલમ ૩૭૦ને લઈને ઘમાસાણ મચ્યું છે. કેન્દ્ર શાસિત પ્રદેશની ઓમર અબદુલ્લા સરકાર સતત એવું કહી રહી છે કે, અમે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવીને રહીશું. આ મુદ્દે રાજ્યની વિધાનસભામાં પણ ઘણી વખત ગરમાગરમીની સ્થિતિ બની ચૂકી છે. હવે આ મુદ્દે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મોટું નિવેદન આપ્યું છે.

મહારાષ્ટ્રના ધૂલે જિલ્લાના સિંધખેડામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા અમિત શાહે કહ્યું કે, 'કોઈ પણ કિંમત પર જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસી નહીં થશે.' તેમણે આગળ કહ્યું કે, 'મહાયુતિનો અર્થ છે 'વિકાસ' અને અઘાડી (મહાવિકાસ અઘાડી)નો અર્થ છે 'વિનાશ'. હવે તમારે નક્કી કરવાનું છે કે, વિકાસ કરનારાને સત્તામાં લાવવા છે કે, વિનાશ કરનારાને.'

અમિત શાહે આગળ કહ્યું કે, રાહુલ ગાંધી જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસીની વાત કરી રહ્યા છે, પરંતુ રાહુલ ગાંધી તો શું જો ઈન્દિરા ગાંધી પણ સ્વર્ગમાંથી ઉતરી આવશે તો પણ જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસી નહીં થશે.પૂર્વ પીએમ મનમોહન સિંહ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું કે, 'પીએમ મોદીએ દેશને સમૃદ્ધ અને સુરક્ષિત બનાવ્યો છે. મનમોહન સિંહના સમયમાં ભારત વિશ્વ અર્થવ્યવસ્થાની યાદીમાં ૧૧મા સ્થાને હતું, પરંતુ મોદીએ દેશને પાંચમા સ્થાને લાવી દીધો છે. ૨૦૨૭માં ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા હશે. આઘાડી લોકો (મહા વિકાસ આઘાડી) ખોટા વાયદા કરે છે.'

### ગરવા ગિરનારમાં 33 કોટી દેવતાઓનો વાસ છે

# ગિરનારની પાવનકારી લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ

## પરિક્રમા રૂટ પર લાઈટીંગ, પાણી, ભોજનની વ્યવસ્થા

ગિરનાર, તા.૧૩

જુનાગઢમાં કારતક સુદ અગિયારસથી ગરવા ગિરનારની પાવનકારી પરિક્રમાનો પ્રારંભ થયો છે. અગિયારસથી પૂનમ સુધી ચાલનારી આ પ્રરિક્રમાા આદિ અનાદીકાળથી આયોજિત થતી આવે છે. પુરાણોમાં પણ ગિરનારની પરિક્રમાનો ઉલ્લેખ છે. પુરાણોમાં જણાવ્યા મુજબ સૌપ્રથમ ભગવાન શ્રીકૃષ્ણએ ગિરનારની પરિક્રમા કરી હોવાની માન્યતા છે. પોતાની બહેન સુભદ્રાના લગ્ન માટે ભગવાન શ્રીકૃષ્ણએ સૌપ્રથમ આ પરિક્રમા કરી હોવાનો ઉલ્લેખ પુરાણોમાં છે. એવુ પણ કહેવાય છે કે ગરવા ગિરનારમાં ૩૩ કોટી દેવતાઓનો વાસ છે અને આથી જ જે કોઈ વ્યક્તિ ગિરનારની પરિક્રમા કરે છે તેને સાત જન્મનું પૂણ્ય પ્રાપ્ત થાય છે. આથી પૂણ્યનું ભાથુ બાંધવા માટે દર વર્ષે યાત્રિકો દૂર દૂરથી ઉમટી પડે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો ગિરનારની પરિક્રમા કરવા માટે આવે છે. આ વર્ષે સાત લાખથી પણ વધુ પરિક્રમાર્થીઓ આ પરિક્રમા કરી રહ્યા છે.આદિ અનાદિકાળથી આયોજિત થતી આ પરિક્રમાની પરંપરા આજે પણ અકબંધ જળવાઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી યાત્રિકોના ધસારાને જોતા અને જંગલમાં પરિક્રમાં રૂટ પર યાત્રિકોને અગવડ ન પડે તે હેતુથી ૨૪ કલાક પૂર્વે જ પરિક્રમા માર્ગને વનવિભાગ દ્વારા ખુલ્લો મુકવામાં આવે છે. જો કે વિધિવત પ્રારંભ તો કારતક સુદ અગિયારસે મધરાતથી જ થાય છે અને 'જય ગિરનારી'ના નાદથી સમગ્ર પરિક્રમાનો માર્ગ ગૂંજી ઉઠે છે. આ વર્ષે હાલ પરિક્રમાના રૂટ પર ચાર લાખ ભાવિકો પરિક્રમા કરી રહ્યા છે જ્યારે ત્રણ લાખ ભાવિકો નળ પાણીની ઘોડી વટાવી ચુક્યા છે. પ્રકૃતિના ખોળે લીલી પરિક્રમાનો માહોલ છવાયો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હૈયે હૈયુ દળાય એ પ્રકારનો ભાવિકોનો ધસારો જોવા મળી રહ્યો છે. જો કે વનવિભાગ અને વહીવટીતંત્ર દ્વારા પીવાના પાણીથી લઈને તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. ન માત્ર ગુજરાત પરંતુ અન્ય રાજ્યમાંથી પણ ભાવિકો આ પરિક્રમા માટે આવ્યા છે.

પરિક્રમામા આવેલા ભાવિકોને અગવડ ન પડે તે હેતુથી વનવિભાગ દ્વારા લાઈટીંગની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. બોરદેવી ત્રણ રસ્તા, નળપાણીની ઘોડી, ઈટવા ગેઈટ, મોળા પાણી વિસ્તાર, જીણાબાવાની મઢી, માળવેલા વિસ્તારમાં પોર્ટેબલ જનરેટર મુકવામાં આવ્યા છે. જેનાથી ૨૭૦ જેટલી લાઈટોનો ઝળહળાટ થઈ શકે છે. દર ૩૦ થી ૪૦ મીટરના અંતર પર એક એક લાઈટ ગોઠવવામાં આવી છે.

દેશના ખૂણેખૂણેથી પરિક્રમા માટે આવેલા ભાવિકોએ પરિક્રમા અંગે તેમનુ મંતવ્ય આપ્યુ કે સહુ કોઈએ જીવનમાં એક વાર તો આ પરિક્રમા કરવી જ જોઈએ. ધાર્મિક અનુભૂતિની સાથે આ શારીરિક આરોગ્ય પણ આપે છે.

### SCના નિર્ણય બાદ મંત્રી રાજભરે આપી પ્રતિક્રિયા

# સરકારનો ઈરાદો ઘર તોડવાનો નથી : યોગી સરકારના મંત્રી

## કોર્ટે સરકારના બુલડોઝર એક્શનને ગેરબંધારણીય ગણાવ્યું હતું

લખનૌ, તા. ૧૩

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો દ્વારા ગુનાના આરોપીઓની મિલકતોને તોડી પાડવા માટે લેવામાં આવતા ''બુલડોઝર એક્શન'' પર આજે બુધવારે પોતાનો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સરકારની આ મનસ્વી કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મૂક્યો છે. હવે યોગી સરકારના મંત્રી અને સુભાષપા પ્રમુખ ઓમ પ્રકાશ રાજભરે સુપ્રીમ કોર્ટના આ નિર્ણય પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, ''સરકારનો ઈરાદો ઘર તોડવાનો નથી.'' ચુકાદો આપતી વખતે, સુપ્રિમ કોર્ટે કહ્યું કે, તેણે બંધારણ હેઠળ બાંયધરીકૃત અધિકારોને ધ્યાનમાં લીધા છે જે રાજ્યની મનસ્વી કાર્યવાહીથી વ્યક્તિઓને રક્ષણ પૂરું પાડે છે. કાયદાનું શાસન એ સુનિશ્ચિત કરવા માટે એક માળખું પૂરું પાડે છે કે વ્યક્તિઓ જાણે છે કે મિલકત મનસ્વી રીતે છીનવી લેવામાં આવશે નહીં. મનસ્વી રીતે મકાનો તોડી પાડવા એ કાયદાનું ઉલ્લંઘન છે.મંત્રી ઓમપ્રકાશ રાજભરે કહ્યું કે, ''સુપ્રીમ કોર્ટના નિર્ણયનું આખો દેશ સ્વાગત કરે છે, સરકાર પણ કરે છે અને વિપક્ષ પણ કરે છે. સરકાર કોઈનું ઘર તોડી પાડવાનો ઈરાદો ધરાવતી નથી. જો કોઈ ગુનેગારે ગેરકાયદેસર મિલકત મેળવી હોય અને સરકારી જમીન પર કોઈ ઘર બાંધવામાં આવ્યું હોય તો તે ખાલી કરાવવામાં આવે છે, સરકાર ક્યારેય કોઈની ખાનગી જમીન પર બનેલા મકાનને તોડી પાડતી નથી.જ્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાજ્ય અને તેના અધિકારીઓ મનસ્વી પગલાં ન લઈ શકે. કાર્યપાલિકા કોઈ વ્યક્તિને દોષિત જાહેર કરી શકતી નથી અને ન તો તે જજ બનીને કોઈ આરોપી વ્યક્તિની સંપત્તિને તોડી પાડવાનો નિર્ણય લઈ શકે છે. ઘર તોડી પાડવાના મુદ્દે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, કાર્યકારી અધિકારી ન્યાયાધીશ ન બની શકે, આરોપીને દોષિત જાહેર ન કરી શકે અને તેનું મકાન તોડી શકે નહીં. કોર્ટે કહ્યું કે, જો લોકોના ઘરો માત્ર એટલા માટે તોડી પાડવામાં આવે છે કે તેઓ આરોપી અથવા દોષિત છે તો તે સંપૂર્ણપણે ગેરબંધારણીય છે. બંધારણ અને ફોજદારી કાયદા અનુસાર, આરોપી અને દોષિતોને પણ કેટલાક અધિકારો છે. કોર્ટે મિલકતો તોડી પાડવા અંગે અખિલ ભારતીય માર્ગદર્શિકા નિર્ધારિત કરી છે.

### પીએમ મોદીએ તેમનો હાથ પકડીને તેમને રોક્યા

# નીતિશે ફરી જાહેર મંચ પર મોદીના ચરણસ્પર્શ કરવાનો કર્યો પ્રયાસ

## મોદીએ દરભંગા AIIMS સહિત આરોગ્ય, રસ્તા, રેલ અને ઉર્જા ક્ષેત્રની ૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન, શિલાન્યાસ કર્યો હતો

પટણા, તા.૧૩

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ફરી એક વખત જાહેર મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણસ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો છે. નીતિશ કુમાર દરભંગામાં મંચ પર પીએમ મોદીના ચરણસ્પર્શ કરવા માટે ઝૂક્યા તો પીએમ મોદીએ તેમનો હાથ પકડીને તેમને આમ કરતા રોક્યા અને પછી હાથ જોડીને તેમનું અભિવાદન કર્યું. આ દરમિયાન મંચ પર ભાજપ અને જેડીયુના સીનિયર નેતા હાજર હતા. હવે આ ઘટનાનો વીડિયો સેશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ પહેલા પણ નીતિશ કુમાર મંચ પર પીએમ મોદીના ચરણસ્પર્શ કરવા માટે ઝૂકી ચૂક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે બિહારની મુલાકાતે હતા. આ દરમિયાન તેમનો દરભંગામાં એક સરકારી કાર્યક્રમ હતો, જેમાં તેમણે બિહારના લોકોને ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુની યોજનાઓની ભેટ આપી છે. પીએમએ દરભંગા AIIMS સહિત આરોગ્ય, રસ્તા, રેલ અને ઉર્જા ક્ષેત્રની ૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન, શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન મંચ પર કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન, નિત્યાનંદ રાય, બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હા સહિત ઘણા નેતાઓ હાજર હતા.

આ ત્રીજી વખત છે જ્યારે નીતિશ કુમારે વડાપ્રધાન મોદીના ચરણ સ્પર્શ કર્યા છે. આ પહેલા જ્યારે દિલ્હીમાં દ્રદ્ધછ સંસદીય દળની બેઠક યોજાઈ હતી ત્યારે પણ બિહારના સીએમએ પીએમ મોદીના ચરણસ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હતો, જો કે મોદીએ તેમને રોકી દીધા હતા. જો કે આને લઈને નીતિશ કુમારને બિહારના વિપક્ષી નેતાઓની ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.

આ ઉપરાંત લોકસભા ૨૦૨૪ના ચૂંટણી પ્રચાર દરમિયાન જ્યારે નીતિશ કુમાર અને પીએમ મોદી એક સાથે મંચ પર બેઠા હતા ત્યારે પીએમ મોદીએ અભિવાદન માટે સીએમ તરફ હાથ લંબાવ્યો તો નતિશ કુમારે પોતાનો હાથ પીએમના પગ સ્પર્શ કરવા માટે લંબાવી દીધો હતો. જેનો વીડિયો શેર કરી આરજેડીએ નીતિશ કુમાર પર પ્રહાર કર્યો હતો.

ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ જ્યારે પીએમ મોદી બિહારના રાજગીરમાં નાલંદા યુનિવર્સિટીના નવા પરિસરનું ઉદ્ઘાટન કરવા માટે પહોંચ્યા હતા ત્યારે સીએમ નીતિશ કુમાર પણ તેમની સાથે હતા. જ્યારે પીએમ મોદી નીતિશ કુમાર પાસે બેઠા હતા ત્યારે અચાનકથી નીતિશે તેમનો હાથ પકડી લીધો અને તેમની આંગળી ચેક કરવા લાગ્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયો હતો.

# મણિપુર ભડકે બળ્યું, ૬ મૈતેઈ ગુમ, ૫ જિલ્લામાં બંધનું એલાન

મણિપુર, તા.૧૩

મણિપુરમાં હિંસા અટકવાનું નામ લઈ રહી નથી. સોમવારે પોલીસ સ્ટેશનને ઉડાવી દેવા આવેલા ૧૦ કુકી ઉગ્રવાદીઓને સુરક્ષા દળો દ્વારા ઠાર મારવામાં આવ્યા બાદથી તણાવ વધ્યો છે. મણિપુરના જિરીબામમાં આ ઘટના બાદથી ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકો ગુમ હોવાના અહેવાલો મળ્યા છે. આ છ જણ મૈતેઈ પરિવારના જ હોવાનું મૈતેઈ સમુદાયે જણાવ્યું છે. વધુમાં મૈતેઈ સમુદાયના અન્ય બે ભાઈઓના મૃતદેહો પણ મળી આવ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, છ લોકોના અપહરણના સમાચાર સાથે ઈમ્ફાલ ખીણમાં ઉગ્ર આંદોલનના કારણે પાંચ જિલ્લામાં સંપૂર્ણપણે બંધનું એલાન છે. પોલીસે ગુમ થયેલા લોકોની શોધખોળ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર આ ગુમ વ્યક્તિઓના ફોટો વાયરલ થયા છે. મૈતેઈ સમુદાય જિરી અપુન્બા લુપ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ અનુસાર ગુમ થયેલા છ લોકોમાં ૧. તેલેમ થોઈબી દેવી (ઉ.વ.૩૧) , તેની દિકરી તેલેમ થાજામંબી દેવી (ઉ.વ. ૮), યુમ્નેમબમ રાની દેવી (ઉ.વ. ૬૦), લૈશ્રામ હૈથોબી દેવી (ઉ.વ. ૨૫) અને તેના એક અઢી વર્ષનું અને એક દસ મહિનાનું બાળક સામેલ છે. સોમવારે જિરીબામ પોલીસ સ્ટેશન પર હુમલો કરવા ૧૦ કુકી ઉગ્રવાદીઓ ઉમટી પડ્યા હતાં. જેમને સીઆરપીએફની ટીમે ઠાર માર્યા હતાં. જેમાં એક સીઆરપીએફ જવાન પણ ઘાયલ થયો હતો. તેમની પાસેથી હથિયારો, દારૂગોળો જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઘટનાથી કુકી ઉગ્રવાદીઓ ઉશ્કેરાયા છે. અને અનેક ઘરોમાં આગ ચાંપી હતી. સુરક્ષા દળો પણ સ્થિતિ કાબુમાં લેવા પ્રયાસો કરી રહી છે. શાળા-કોલેજો, બજારો બંધ કરવામાં આવ્યા છે. સાર્વત્રિક રૂપે આગામી ૨૪ કલાક સુધી બંધનું એલાન આપવામાં આવ્યું છે.

### ૩ દિવસમાં રોકાણકારોના ૧૪ લાખ કરોડ ડૂબ્યાં

# સેન્સેક્સમાં ૧૧૫૬ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૯૮૪ પોઈન્ટનો કડાકો

## બીએસઈ પર ૫૮૬ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી

મુંબઈ, તા.૧૩

વૈશ્વિક અને સ્થાનિક સ્તરે નકારાત્મક પરિબળોના પગલે [redacted] ટાટા મોટર્સ ૦.૧૮ ટકા અને ઈન્ફોસિસ ૦.૦૧ ટકા સુધર્યા હતા. આ સિવાય તમામ ૨૭ શેર્સમાં ૩.૪૦ ટકા સુધીનું ગાબડું નોંધાયુ હતું.લાર્જકેપની તુલનાએ સ્મોલકેપ અને મીડકેપમાં મોટુ કરેક્શન જોવા મળ્યું છે. સ્મોલકેપ ઈન્ડેક્સ આજે ૧૬૫૧.૬૯ પોઈન્ટ, મીડકેપ ઈન્ડેક્સ ૨.૫૬ ટકા અર્થાત ૧૧૬૦.૪૪ પોઈન્ટના કડાકે બંધ રહ્યો હતો. આ સિવાય રિયાલ્ટી ઈન્ડેક્સ ૩.૨૩ ટકા, પાવર ૨.૨૯ ટકા, પીએસયુ ૨.૧૪ ટકા, મેટલ ૨.૫૪ ટકા તૂટ્યો છે.

શેરબજારમાં કડાકાના કારણો

૧. એફઆઈઆઈની સતત વેચવાલી
૨. રિટેલ ફુગાવો ૧૪ માસની ટોચે
૩. ડોલર ઈન્ડેક્સમાં તેજીથી રૂપિયો નબળો પડ્યો
૪. નબળા ઊર કોર્પોરેટ ત્રિમાસિક પરિણામો ૫. વૈશ્વિક સ્તરે શેરબજારમાં કડાકો

### ડોનાલ્ડ ટ્રમ્પે સોંપી મોટી જવાબદારી

# અમેરિકી સરકારના ફાલતુ ખર્ચા રોકશે એલન મસ્ક

## એલન મસ્ક ભારતીય મૂળના વિવેક રામાસ્વામી સાથે મળીને નવા સરકારી દક્ષતા વિભાગનું નેતૃત્વ કરશે

વોશિંગ્ટન, તા.૧૩

અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ટીમ બનાવવામાં લાગ્યા છે. અમેરિકાના નવા ચૂંટાઈ આવેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો શપથગ્રહણ સમારોહ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ થશે. પરંતુ તે પહેલા તેમણે ટેસ્લા, સ્પેસએક્સ અને એક્સના સીઈઓ એલન મસ્કને મોટી જવાબદારી સોંપી છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે એલન મસ્ક ભારતીય મૂળના વિવેક રામાસ્વામી સાથે મળીને નવા સરકારી દક્ષતા વિભાગ (DOGE)નું નેતૃત્વ કરશે. એલન મસ્કે સોશિયલ મીડિયા એક્સ દ્વારા આ જાણકારી આપી.

ડોનાલ્ડ ટ્રમ્પે એક અધિકૃત નિવેદનમાં કહ્યું કે 'મને એ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે મહાન એલન મસ્ક, અમેરિકી દેશભક્ત વિવેક રામાસ્વામી સાથે મળીને સરકારી દક્ષતા વિભાગ (DOGE)નું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું કે, આ બંને અદભૂત અમેરિકી મળીને મારા પ્રશાસન માટે સરકારી નોકરશાહીને ખતમ કરવા, બિનજરૂરી વિનિયમનોને ઓછા કરવા, ફાલતું ખર્ચા ઓછા કરવા અને ફેડરેલ એજન્સીઓના પુર્નગઠનનો માર્ગ પ્રશસ્ત કરશે જે 'સેવ અમેરિકા' આંદોલન માટે જરૂરી છે. તેનાથી સમગ્ર વ્યવસ્થામાં હડકંપ મચી જશે અને સરકારી બરબાદીમાં સામેલ તમામ લોકો, જે અનેક છે તેઓ સ્તબ્ધ રહી જશે.'

DOGE મોટા પાયા પર સંરચનાત્મક સુધાર લાવવા માટે અને સરકાર પ્રત્યે ઉદ્યમશીલ દ્રષ્ટિકોણ વિક્સિત કરવા માટે વ્હાઈટ હાઉસ અને મેનેજમેન્ટ તથા બજેટ કાર્યાલય સાથે ભાગીદારી કરશે. તેમણે કહ્યું કે, 'આ સંભવીત રીતે આપણા સમયનો 'મેનહટ્ટન પ્રોજેક્ટ' બની જશે. રિપબ્લિકન રાજનેતા ઘણા લાંબા સમયથી 'ડ્ઢર્ંય્ઈ'ના ઉદ્દેશ્યો વિશે સપના જોઈ રહ્યા છે. આ પ્રકારના મોટા ફેરફારને આગળ વધારવા માટે, સરકારી દક્ષતા વિભાગ સરકારને બહારથી સલાહ અને માર્ગદર્શન આપશે અને મોટા પાયે સંરચનાત્મક સુધારને આગળ વધારવા અને સરકાર માટે એક વ્યવસાયી દ્રષ્ટિકોણ બનાવવા માટે વ્હાઈટ હાઉસ અને મેનેજમેન્ટ અને બજેટ કાર્યાલય સાથે ભાગીદારી કરશે જે પહેલા ક્યારેય જોવા નથી મળ્યું.' હું એલન મસ્ક અને વિવેક રામાસ્વામી પાસેથી ફેડરલ નોકરશાહીમાં ફેરફાર કરવાની આશા રાખુ છું જેથી કરીને દક્ષતા પર ધ્યાન આપી શકાય અને આ સાથે જ તમામ અમેરિકનો માટે જીવન સારું બનાવી શકાય. સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે અમે આપણા વાર્ષિક ૬.૫ ટ્રિલિયન ડોલરના સરકારી ખર્ચમાં હાલ મોટા પાયે થતી બરબાદી અને ફ્રોડને ખતમ કરી દઈશું. તેઓ આપણી અર્થવ્યવસ્થાને મુક્ત કરવા માટે મળીને કામ કરશે અને અમેરિકી સરકારને 'આપણા લોકો' પ્રત્યે જવાબદાર બનાવશે. તેમનું કામ ૪ જુલાઈ ૨૦૨૬ પહેલા ખતમ થઈ જશે. વધુ દક્ષતા અને ઓછી નોકરશાહી સાથે , આ અમેરિકાને સ્વતંત્રતાની જાહેરાતની ૨૫૦મી વર્ષગાંઠ પર એક સારી ભેટ હશે. મને વિશ્વાસ છે કે તેઓ સફળ થશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# ચલાલા ખાતે રીબડીયા પરિવારનાં આંગણે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન થયું



અંશાવતાર દાન મહારાજની પવિત્ર ભુમી એવા ચલાલા દાનેદધામ ખાતે સ્વ. પ્રદીપભાઈ રીબડીયા અને સર્વ પિતૃઓના મોક્ષાર્થે અને બહુજન હિતાય, બહુજન સુખાયની ભાવના સાથે શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞનો ખુબ જ ઉંમગ ઉત્સાહ ભેર સામાજીક આગેવાન મનુભાઈ રણછોડભાઈ રીબડીયાના આંગણે પ્રારંભ થયો હતો. શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞમાં કૃષ્ણ જન્મોત્સવ, અને રૂક્ષમણી વિવાહ, સહિતના ધાર્મિક કાર્યક્રમો ખુબ જ ભકિતમય વાતાવરણમા ભાવનાત્મક રીતે યોજાયા હતા. રૂક્ષમણી વિવાહમા ઠાકરોજીની જાન ચલાલા બક્ષીપંચ મોરચા પ્રમુખ શૈલેષભાઈ ઉનાગરના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે ડીજેના તાલે પુષ્પવર્ષા અને ફટાકડાની આતશબાજી સાથે મોટી સંખ્યામાં મંગળ ગીતો ગાતાજાનૈયાઓ. શહેરના રાજમાર્ગો પરથી શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞના સ્થળે રીબડીયા પરીવારના આંગણે ઠાકોરજીની રૂડી જાન લઈ પધાર્યા હતા. જયા ઠાકોરજીની રૂડી જાનનું સ્વાગત કરાયું હતું. જાણીતા કથાકાર વિજ્ઞાન શાસ્ત્રી ભાવેશદાદા સુરતવાળાએ સંગીતમય શૈલીમાં ખુબ જ ભાવનાત્મક રીતે જ્ઞાન સભર કથાનું રસપાન કરાવી શ્રોતાજનોની વાહ વાહ મેળવી હતી. શહેરના શ્રેષ્ઠીઓ અને રીબડીયા પરિવાર અને શાંતાબહેન રીબડીયાનું ફૂલહાર અને શાલથી સન્માન સ્વાગત કરાયું હતું. કથા દરમિયાન રોજ રાત્રી ધુન, હનુમાન ચાલીસા, કિર્તન જેવા કાર્યક્રમો યોજાયા હતા. કથાનું રસપાન કરવા અંશાવતાર દાનમહારાજની જગ્યા મહંત મહારાજ પુજય વલકુભાઈ, નેસડી ખોડીયાર ધામના મહંત લવજીબાપુ, ગાયત્રી સંસ્કાર ધામના વડા રતીદાદા, ભીમનાથ મંદિરના મહંત મહીપતબાપુ ગોસાઈ, સહિતના સંતોએ કથાનું રસપાન કરી રૂડા આર્શીવચન પાઠવીયા હતા. રીબડીયા પરિવાર દ્વારા ઉપસ્થિત તમામ સંતો મહંતોનું ફુલહાર, શાલથી સન્માન કરાયુ હતુ. ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, પુર્વ કેબિનેટ મંત્રી અને રાજકોટના સાંસદ પરષોતમભાઈ રૂપાલા, ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, પુર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય જે.વી.કાકડીયા લો કોલેજના પીન્સીપાલ ભગત, મહીના આગેવાન ગીતાબેન સંઘાણી, જયોત્સાબેન, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જીલ્લા સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા, ગુજરાત પ્રદેશ યુવા ભાજપના મહામંત્રીઓ મનીષભાઈ સંઘાણી, બેંકના ચેરમેન ધીરૂભાઈ વાળા, અમદાવાદ હાઈકોર્ટના જાણીતા અને ખ્યાતનામ એડવોકેટ રાજેશભાઈ રૂપારેલ, શૈલેષભાઈ પરમાર, યોગેશભાઈ બારૈયા, જીલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરજીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ માલવીયા, ન.પા.ના પુર્વ પ્રમુખ હિંમતભાઈ દોંગા, શહેર ભાજપ ઉપપ્રમુખ ભૈયલુભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, પુર્વ સદસ્ય અશોકભાઈ કાથરોટીયા, સહિત પુર્વ ધારાસભ્યઓ, જીલ્લા ભાજપના વરિષ્ઠ ભકતજનો ઉપસ્થિત રહી જ્ઞાન સભર કથાનું રસપાન કરી પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો. આ શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ કથામાં દરરોજ શ્રોતાજનો માટે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી.

### ટ્રમ્પે માઇક વોલ્ટ્ઝને NSA બનાવ્યા

## ચીનના કટ્ટર ટીકાકાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત

**૫૦ વર્ષીય માઈક આર્મી નેશનલ ગાર્ડના નિવૃત્ત અધિકારી છે, તેઓ ત્રણ વખત ફ્લોરિડાનું સંસદમાં પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે**

વૉશિંગ્ટન, તા.૧૩

ટ્રમ્પે માઈક વોલ્ટ્ઝને હ્જીછ બનાવ્યા, ચીનના કટ્ટર ટીકાકાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્તઅમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ચૂકેલા ડોનાલ્ડ ટ્રમ્પ ધીમે-ધીમે પોતાની ટીમ બનાવવામાં વ્યસ્ત છે. આ સંદર્ભમાં તેમણે માઈક વોલ્ટ્ઝને તેમના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે.વોલ્ટ્ઝ,યુએસ સેનેટમાં ઈન્ડિયા કોકસના વડા રહ્યા છે. તેઓ અમેરિકા માટે મજબૂત સંરક્ષણ વ્યૂહરચનાની હિમાયત કરે છે. તે દેશની સુરક્ષાને વધુ મજબૂત કરવાના ટ્રમ્પના વચનોના મજબૂત સમર્થક છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને મધ્ય પૂર્વમાં લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધમાં માઈક વોલ્ટ્ઝ મહત્વની ભૂમિકા ભજવી શકે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ષ ૨૦૨૩માં યુએસ મુલાકાત દરમિયાન કેપિટોલ હિલ ખાતેના ઐતિહાસિક ભાષણને ગોઠવવામાં પણ માઈક વોલ્ટ્ઝે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સેનેટના ઈન્ડિયા કોકસમાં કુલ ૪૦ સભ્યો છે. તે ૨૦૦૪માં ન્યૂ યોર્કના તત્કાલિન સેનેટર હિલેરી ક્લિન્ટન અને સેનેટર જ્હોન કોર્નિન દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ સેનેટનું સૌથી મોટું કોકસ છે.૫૦ વર્ષીય માઈક આર્મી નેશનલ ગાર્ડના નિવૃત્ત અધિકારી છે. તેઓ ત્રણ વખત ફ્લોરિડાનું સંસદમાં પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. તેઓ ગૃહની સશસ્ત્ર સેવા ઉપસમિતિના અધ્યક્ષ રહી ચૂક્યા છે. તેઓ ગૃહની વિદેશ બાબતોની સમિતિના સભ્ય પણ રહી ચૂક્યા છે. માઈકને લશ્કરી અનુભવી તરીકે બહોળો અનુભવ છે. તેમણે વર્જિનિયા મિલિટરી ઈન્સ્ટિટ્યૂટમાંથી સ્નાતક થયા અને ફ્લોરિડા ગાર્ડમાં જોડાતા પહેલા ચાર વર્ષ આર્મીમાં સેવા આપી છે. તેઓ અફઘાનિસ્તાન, મધ્ય પૂર્વ અને આફ્રિકામાં યુદ્ધના મોરચે પણ ગયા છે. તેમણે પેન્ટાગોનમાં નીતિ સલાહકાર તરીકે પણ સેવા આપી છે.

### ચાંદલોડિયા- B રેલ્વે સ્ટેશન ખાતે ઈ-લોકાર્પણ કરાયું

## વડાપ્રધાને પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રનું ઈ-લોકાર્પણ કર્યું

**અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન તેમજ સાબરમતીના ધારાસભ્ય હસમુખ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિત જોવા મળી**



અમદાવાદ, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચાંદલોડિયા- B રેલ્વે સ્ટેશન ખાતે 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર'નું ઈ - લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદનાં મેયર પ્રતિભાબહેન જૈન ચાંદલોડિયા - B રેલ્વે સ્ટેશન ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બિહારના દરભંગાથી દેશમાં એકસાથે ૧૮ 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રો'નું ઈ - લોકાર્પણ કર્યું હતું, જેનું જીવંત પ્રસારણ અમદાવાદ ચાંદલોડિયા B રેલ્વે સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને ઉપસ્થિત તમામ લોકોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આજે અમદાવાદ ચાંદલોડિયા B રેલવે સ્ટેશન સહિત ૧૮ રેલવે સ્ટેશન પર પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રની શરૂઆત કરાઈ છે. જે બદલ આપણે સૌ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આભારી છીએ અને દેશ આ પ્રકારની ઉમદા કામગીરી બદલ આજે ગૌરવ અનુભવી રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર થકી લોકોને ખૂબ જ નજીવા દરે ગુણવત્તાયુક્ત દવા પ્રાપ્ત થશે, જેથી લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે. આજે દેશમાં ૧૩,૮૨૨ 'પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર' કાર્યરત છે, અને સરકાર દ્વારા હજુ પણ તેમાં વધારો આવી રહ્યો છે તે આપણા સૌ માટે ખૂબ જ આનંદની વાત છે, તેમ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમના અંતે શ્રીમતી પ્રતિભાબહેન જૈન દ્વારા મહિલા પોલીસકર્મીઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સાબરમતીના ધારાસભ્ય હસમુખભાઈ પટેલે કર્યું હતું. તેમજ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ મંડલના રેલવે પ્રબંધક અને ઢઈસ શ્રી સુધીરકુમાર શર્મા, સિનિયર ઢઝ્રસ શ્રી અનુ ત્યાગી તેમજ રેલવેના વિવિધ વિભાગના કર્મચારીશ્રીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીશ્રીઓ તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ૨૮૪૨ બેઠક સામે ૪૬૬૩ ઉમેદવારો

## PG મેડિકલમાં પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર

અમદાવાદ, તા.૧૩

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે આખરે પ્રવેશ સમિતિ દ્વારા પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરાયું છે. મેરિટ લિસ્ટમાં કુલ 4663 ઉમેદવારોનો સમાવેશ કરાયો છે. 140 ઉમેદવારો એવા છે કે તેઓ લાયક ન હોવાથી તેમનો સમાવેશ કરાયો નથી. આ ઉમેદવારોને આગામી 18મીથી MD-MSની કુલ 2842 બેઠકો ઓફર કરાશે. પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ માટે નીટ લેવાયા બાદ કાનૂની વિવાદના કારણે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ શકી નહોતી. પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની માગણી બાદ કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. આજે પ્રવેશ સમિતિ દ્વારા પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરી દેવાયું છે. રાજ્યમાં MD-MSની કુલ 2803 બેઠકો અને ડિપ્લોમાની 39 મળી કુલ 2842 બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો પર પ્રવેશ માટે કુલ 4803 વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી 4663 વિદ્યાર્થીનો મેરિટયાદીમાં સમાવેશ કરાયો છે. જનરલ કેટેગરીના 1885, એસઈબીસી કેટેગરીના 1135, એસસી કેટેગરીના 298, એસટી કેટેગરીના 341, ઈડબલ્યુએસ કેટેગરીના 1004, પીડબલ્યુડી કેટેગરીના 38, NRIના 38 અને ઈન સર્વિસ કેટેગરીના 19 ઉમેદવારોનો સમાવેશ પ્રોવિઝનલ મેરિટલિસ્ટમાં કરાયો છે. વિવિધ કારણોસર 140 ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કર્યા પછી પણ સમાવેશ કરાયો નથી. પી.જી. મેડિકલમાં ઓલ ઈન્ડિયાની બેઠકો માટે આગામી 20મી સુધીમાં પહેલો રાઉન્ડ પુરો કરાશે. સ્ટેટ ક્વોટાની બેઠકો માટે 18મીથી 27મી નવેમ્બર સુધીમાં પ્રવેશ કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે. પહેલા રાઉન્ડમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીએ 4 ડિસેમ્બર સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. સ્ટેટ ક્વોટાની બેઠકો માટે 12મીથી 23મી ડિસેમ્બર વચ્ચે બીજો રાઉન્ડ કરવામાં આવશે. બીજા રાઉન્ડમાં 28મી ડિસેમ્બર સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. બેઠકો ખાલી રહે તો 7મી જૂનથી 13મી જૂન વચ્ચે ત્રીજો રાઉન્ડ કરાશે.

## મોંઘવારી ભથ્થામાં ૧૨ ટકાનો વધારો કરવા સરકારની જાહેરાત

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્ર સરકારે આ સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ઢછ)માં વધારો કરવાની જાહેરાત કરી છે. આ વધારો તે કેન્દ્રીય કર્મચારીઓ અને સ્વાયત્ત સંસ્થાઓ (જાહેર સાહસો વિભાગ) ના કર્મચારીઓ માટે લાગુ થશે જેઓ ૫માં અને ૬ઠ્ઠા પગાર પંચ મુજબ પગાર મેળવી રહ્યા છે. આ સંદર્ભમાં, નાણા મંત્રાલયના જાહેર સાહસોના વિભાગે ૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ ઓફિસ મેમોરેન્ડમ બહાર પાડ્યું હતું. ૬ઠ્ઠા પગાર પંચ મુજબ, પગારદાર કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું વર્તમાન ૨૩૯%થી વધારી ૨૪૬% કરવામાં આવ્યું છે. આ વધારો ૧ જુલાઈ, ૨૦૨૪થી લાગુ થશે. છઠ્ઠા પગાર પંચ હેઠળ મોંઘવારી ભથ્થામાં સાત ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેથી જો કોઈ કર્મચારીનો મૂળ પગાર રૂ. ૪૩,૦૦૦ છે, તો અગાઉ ૨૩૯% ઢછ હેઠળ તેને કુલ રૂ. ૧,૦૨,૭૭૦ પગાર મળતો હતો. ૨૪૬%ના નવા દર મુજબ, હવે તેનો કુલ પગાર રૂ. ૧,૦૫,૭૮૦ થશે. એટલે કે પગારમાં સીધો મહિને ૩,૦૦૦ રૂપિયાનો વધારો થશે.

૫માં પગાર પંચ મુજબ, પગારદાર કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું હાલના ૪૪૩% સામે ૧૨ ટકા વધારીને ૪૫૫% કરવામાં આવ્યું છે. જેનો અમલ પણ ૧ જુલાઈ, ૨૦૨૪થી લાગુ થશે.દિવાળી પહેલાં કેન્દ્ર સરકારે સાતમા પગાર પંચને દિવાળી ભેટ આપતાં મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કર્યો હતો. આ પગારપંચ હેઠળ પગારદારો અને પેન્શનધારકોનું મોંઘવારી ભથ્થુ હવે ૫૦ ટકાથી વધી ૫૩ ટકા થયું છે. જેનો અમલ ૧ જુલાઈ, ૨૦૨૪થી લાગુ થશે.મોંઘવારી ભથ્થુ સરકારી કર્મચારીઓ અને પેન્શનધારકોને મોંઘવારીના મારથી રાહત આપવા વર્ષમાં બે વખત મોંઘવારી ભથ્થુ વધારવામાં આવે છે. જે ફુગાવાના આધારે નક્કી થાય છે. પાંચમા અને છઠ્ઠા પગાર પંચ હેઠળ પગાર મેળવતા પગારદારો અને પેન્શર્નસે આ વધારવામાં આવેલા મોંઘવારી ભથ્થાનો લાભ મળશે.

# અમરેલી આત્મા દ્વારા રાજુલા અને જાફરાબાદ ખાતે પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સાથે મુલાકાત



રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદેશ્યસાથે રાજયસરકાર સતત કાર્યરત છે. અમરેલી જિલ્લા આત્મા પ્રોજેકટના અધિકારીઓએ આત્મા અમરેલી દ્વારા રાજુલા અને જાફરાબાદ ખાતે પ્રાકૃતિક કૃષિ કરતાંખેડૂતોસાથેમુલાકાતઆધારિત પ્રાકૃતિક કૃષિથી જમીનની ફળદ્રુપતામાં વધારો થયો છે. પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાના ખેતીલક્ષી અનુભવો જણાવ્યા હતા. સાથે ખેતીલક્ષી માહિતીનું આદાન પ્રદાન કરવામાં આવ્યુ હતું. અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા સમયાંતરે પ્રાકૃતિક કૃષિ વિષયક સેમિનાર, સંવાદ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સહિત મહિલા ખેડૂતો પણ જોડાઈને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરૂરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાકસંરક્ષણશસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરૂરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમુજબ ખેતી થઈ શકતી નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રૂ. ૧.૨૦ લાખ સુધીની સહાય મળવા પાત્ર છે. ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજયના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજયસરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

# બાબરાનાં તાપડીયા આશ્રમમાં પૂ. ઘનશ્યામદાસ બાપુ દ્વારા તુલસી વિવાહનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : રાજુ બસીયા–બાબરા

બાબરામાં તાપડીયા આશ્રમમાં પૂજય ઘનશ્યામદાસ બાપુ ધ્વારા તુલસી વિવાહનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સાધુ–સંતો, આશ્રમનાં સેવક સમુદાય અને ભાવિકો જોડાયા હતા. અહીં સાંજે તાપડીયા આશ્રમ ખાતે ભગવાન શ્રી કૃષ્ણની જાન જોડાઈ હતી જે વાજતે ગાજતે આશ્રમ ખાતે આવી હતી. જેના સ્વાગત અને સામૈયા કરવામાં આવ્યા હતા. અહીં વિધિ વિધાન અને ધામધૂમથી લગ્ન પ્રસંગની દરેક વિધિ કરવામાં આવી હતી. બાબરા સહિત તાલુકામાંથી લોકો તુલસી વિવાહ પ્રસંગ માણવા આવ્યા હતા. ભગવાન શ્રી કૃષ્ણ (શાલિગ્રામ) વિવાહ તુલસી માતા સાથે સંપન્ન થયા બાદ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા પંથકમાં ૬ વર્ષ પહેલા**

વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦હજારના દંડની સજાનો હુકમ સ્પે.પોકસો કોર્ટે કર્યો હતો. જયારે આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૧,લાખનું વળતર પણ જણાવ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે બાબરા પંથકમાંરહેતીએક ૧૧ વર્ષનીતરૂણી ગત તા. ૧૩/૬/૧૮ ના રોજ સાંજના સાતેક વાગ્યેઅમરાપરા ગામેસ્વામીનારાયણમંદિર પાસેથી હતી. ત્યારે ગઢડા તાલુકાના મેઘવાડિયા ગામે રહેતો આરોપી કલ્પેશ ધીરૂભાઈ મકવાણાતથાતેમનીસાથેકાયદાના સંઘર્ષમાંઆવેલએકકિશોરેઆતરૂણીનેભોગ બનનાર સાથે લગ્નબાહ્ય સંભોગ કરવાના ઈરાદાથી તેણી સગીર વયની હોવાનું જાણવા છતા તેણીનું અપહરણ કરી, પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે. ૧૪–એબી–૨૨૩૩ માંઅપહરણ કરીલઈ જતાહતા. ત્યારેઆતરૂણીરડતીહોયત્યારેતે જ ગામેરહેતા લાભુભાઈ મોહનભાઈ પાંભર આ તરૂણીને જોઈ જતાં આરોપીઓનું મોટર સાયકલ ઉભુ રખાવતા આરોપીઓ ભોગ બનનાર તરૂણીને મુકી મોટર સાયકલ ઉપર નાસી ગયા હતા.

બાદમાં આ તરૂણીનું નામ સરનામું પુછી લાભુભાઈએ ભોગ બનનાર તરૂણીને તેણીના પિતા પાસે મુકી બનાવની વાત કરતાં ભોગ બનનારના પિતાએ ગઢડા તાલુકાના મેઘવાડિયા ગામે રહેતો આરોપી કલ્પેશ ધીરૂભાઈ મકવાણા તથા તેમની સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર સામે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. આ અંગેનો કેસ અત્રેની સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલો તથા સચોટ પુરાવાના આધારે આ બનાવના આરોપી કલ્પેશ ધીરૂભાઈ મકવાણાને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટ કલમ ૧૭, ૧૮ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા પૈકી મહતમ સજાની જોગવાઈ આઈ.પી.સી. ૩૬૬માં ૩ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારના દંડની સજાનો હુકમ સ્પે.પોકસો કોર્ટના સ્પે.જજ ડી.એસ.વાસ્તવે કર્યો હતો. જયારે આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૧ લાખનું વળતર પણ જણાવ્યું હતું.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૦ | ૧૫૪૫ |
| ૨ | મગફળી | ૮૦૦ | ૧૧૩૦ |
| ૩ | ઘઉં | – | ૬૬૦ |
| ૪ | ચણા | ૧૧૦૦ | ૧૪૧૧ |
| ૫ | છોલે ચણા | ૧૮૫૧ | ૨૦૦૦ |
| ૬ | સોયાબીન | ૫૦૦ | ૭૭૫ |
| ૭ | અડદ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૮ | તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૯ | મકાઈ | ૪૨૫ | ૪૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૭૫ | ૧૨૭૦ |
| ૨ | શિંગ મોટી | ૮૮૬ | ૧૨૧૮ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૯૫ | ૨૭૩૫ |
| ૫ | તલ કાળા | ૨૭૪૦ | ૪૦૯૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૪૫ | ૩૨૪૫ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૨ | ૬૯૨ |
| ૯ | ઘઉં લોકવન | ૫૫૬ | ૬૭૦ |
| ૧૦ | અડદ | ૧૦૪૦ | ૧૫૭૫ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૩૫૬ |
| ૧૨ | કપાસ | ૭૩૦ | ૧૫૭૧ |
| ૧૩ | એરંડા | ૧૧૪૫ | ૧૨૧૮ |
| ૧૪ | જીરૂ | ૪૩૧૦ | ૪૪૬૫ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ૧૬ | સોયાબીન | ૬૦૫ | ૮૪૯ |
| ૧૭ | મરચા લાંબા | ૧૦૦૦ | ૧૦૦૦ |

## ૧૪ નવેમ્બર, ''બાળ દિવસ''

# હતુ અહંભવ વગરનું બાળપણ, જાણે એ કપટ વિનાનું ભોળપણ એ જ સાકાર પણ અને ગોળ પણ, યાદ આવે છે બાળપણનું ગળપણ



અમરેલી, તા. ૧૩

દર વર્ષે ૧૪ નવેમ્બરનાં દિવસને ''બાળ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. UN દ્વારા ૨૦ નવેમ્બર, ૧૯૫૪નાં રોજ બાળ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી જયારે ભારતમાં પંડિત જવાહરલાલ નહેરૂનાં નિધન પહેલા ૨૦ નવેમ્બરનાં રોજ ''બાળ દિવસ'' મનાવવામાં આવતો હતો, પરંતુ ૨૭ મે ૧૯૬૪નાં રોજ પંડિત જવાહરલાલ નહેરૂનાં નિધન બાદ બાળકો પ્રત્યે તેમનાં પ્રેમને જોતા સર્વસંમતિથી એ નિર્ણય થયો કે હવેથી દર વર્ષે ૧૪ નવેમ્બરનાં રોજ ચાચા નહેરૂનાં જન્મ દિવસ પર બાળ દિન મનાવવામાં આવશે ત્યારબાદથી દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ બાળ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ બાળ અધિકારો પ્રત્યે લોકોને જાગૃત કરવાનો છે. એક બાળકનું મન કુમળું હોય છે. હાલનાં સમયમાં કયાંક બાળકનાં મન સાથે ચેનચાળા કરીને એને કયાંકને કયાંક પૈસાની કે બીજી કોઈ વસ્તુની લાલચમાં ખોટા કામો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઘણી વખત તો આ કામ બાળકનાં માતા પિતા દ્વારા જ કરવામાં આવે છે જે ખરેખર ખુબ દયનીય બાબત છે. બાળકને બાળક સમા જ રહેવા દેવું જોઈએ. માતા પિતાએ કયારેય પણ પોતાનાં અંગત સ્વાર્થ માટે બાળકોનું જીવન ન બગાડવું જોઈએ કે તેઓ માનસિક રીતે ઉદાસીન થાય તેવું ન થવા દેવું જોઈએ. એ ખૂબ જરૂરી છે કે બાળકોને યોગ્ય શિક્ષણ, પોષણ, સંસ્કાર મળે કારણ કે બાળકો દેશનું ભવિષ્ય છે. બાળકનાં સારા ભવિષ્ય માટે, સર્વાંગી વિકાસ તથા તેનાં મૂળભૂત હકોના રક્ષણ માટે કટિબદ્ધ થવા બાળ દિવસ સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. આપણાં દેશમાં બાળ દિવસને મસ્તી અને આનંદનાં દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. આપણાં દેશનાં બંધારણમાં પણ ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણની વાત કરી છે. બાળક એ આવતીકાલનું સમાજ છે. આવતીકાલનાં નાગરીકને વિકાસની હરણ ફાળમાં તમામ પ્રકારે મદદ સાથે તેમના કલ્યાણ બાબતેના કાર્યોમાં સમાજના દરેક વર્ગે મદદરૂપ થવું જરૂરી છે. આજે ગરીબ મા–બાપના સંતાનો આર્થિક ઉપાર્જન માટે દુકાનો રેસ્ટોરન્ટો, ચા–પાન ગલ્લે કે અન્ય સ્થળે બાળ મજૂરી કરીને પૈસા કમાય છે. ભણવાની ઉંમરે કામ કરતા બાળકોની સંખ્યા આપણા દેશમાં ઘણી છે. આ બાબતે કાયદો તો છે પણ અમલવારી ન થવાથી બાળ મજૂરી પ્રથા આજે પણ ચાલું છે. આ બાળ દિવસે સૌ આ તરફ ચિંતા કરવાની જરૂર છે. બાળકોને નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે જે માટે આજે તો બધા માટે વિવિધ કાર્યક્રમો થતા હોય છે પણ બાળકો માટેના કાર્યક્રમોની અછત છે. ચિલ્ડ્રન કલબસ શરૂ કરીને કલ્ચરલ અને સ્પોટસમાં વિકાસ કરવો અને તેના રસરૂચિ વલણોને ધ્યાને લઈને તમામ મદદ કરવી સૌની નૈતિક જવાબદારી છે. બાળકોને વિકસવા માટે સુરક્ષિત અને પ્રેમાળ વાતાવરણ પ્રદાન સાથે વિશાળ અને સમાન તકો આપવી જોઈએ જેથી તે રાષ્ટ્રનાં વિકાસમાં લાંબા ડગલા ભરી શકે. બાળકનો શિક્ષિત અને સ્વસ્થ નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે. હતું અહંભવ વગરનું બાળપણ, જાણે એ કપટ વિનાનું ભોળપણ એ જ સાકર પણ અને ગોળ પણ, યાદ આવે છે બાળપણનું ગળપણ.

–મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૦ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૫૭૬ |
| ૬ | કપાસ | ૧૪૭૫ | ૧૫૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૬૧ |
| ૯ | બાજરો | – | ૬૨૦ |
| ૧૦ | જુવાર | ૬૨૨ | ૮૫૧ |
| ૧૧ | અજકા બી | ૫૨૮૦ | – |
| ૧૨ | અડદ | ૯૪૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૮૦ | ૧૫૭૧ |
| ૧૪ | ધાણા | ૧૨૪૦ | – |
| ૧૫ | સોયાબીન | ૭૫૦ | ૮૩૪ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૯૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૨૦ | ૧૩૦૦ |
| ૩ | મગફળી | ૧૧૧૯ | ૧૨૨૧ |
| ૪ | અડદ | ૧૧૭૦ | ૧૩૪૦ |
| ૫ | ઘઉં | ૫૦૬ | ૬૩૪ |
| ૬ | તલ સફેદ | ૨૦૭૦ | ૨૩૫૦ |
| ૭ | તલ કાળા | ૩૨૩૦ | ૩૪૦૦ |
| ૮ | જીરૂ | ૪૦૫૫ | ૪૬૪૫ |
| ૯ | સોયાબીન | ૭૮૧ | ૮૦૯ |
| ૧૦ | ચણા | ૧૧૪૫ | ૧૩૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૮૯ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૯ | ૬૦૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૫ |
| ૪ | અડદ | ૯૦૫ | ૧૪૦૧ |
| ૫ | સોયાબીન | ૫૯૫ | ૭૭૨ |
| ૬ | ચણા સફેદ | ૧૩૩૫ | ૧૪૧૦ |
| ૭ | મગફળી | ૭૬૫ | ૯૮૦ |
| ૮ | ચણા | ૯૩૦ | ૧૩૦૫ |
| ૯ | શીંગદાણા | ૧૧૪૦ | ૧૨૧૨ |
| ૧૦ | તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૨૧૫ | ૨૩૩૦ |
| ૧૨ | ધાણા | ૧૧૮૫ | ૧૩૦૦ |
| ૧૩ | બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| ૧૪ | રાય | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૫ | તુવેર | ૧૭૨૦ | ૧૭૨૦ |

પાના ૧ ઉપરનું ચાલું **ભાજપ સરકારને એન્જિયોપ્લાસ્ટી કાંડથી**

મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી કે સત્તા પક્ષનાં મહત્વનાં આગેવાનો આક્રમકતા દાખવતા નથી અને એવું માનતા લાગે છે કે થોડા દિવસો બાદ કાળઝાળ મોંઘવારી, બેકાબુ બેરોજગારીથી ત્રસ્ત જનતા આ કાંડ પણ ભૂલી જશે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં થયેલ વાહન ચોરીઓના**

અંતર્ગત કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફની મદદથી મિલ્કત વિરૂધ્ધના બનાવવાળી જગ્યાની આજુબાજુના તમામ સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરવામાં આવેલ હતા. જે અન્વયે મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે ચોરીના વાહન સાથે ખાંભા તાલુકાના રાયડી ડેડાણ ગામે રહેતા દિલુભાઈ દડુભાઈ માંગાણી નામના ઈસમને એક ભાર રીક્ષા નંબર જી.જે.–૦૩ ઝેડ–૪૮૭૦ કિંમત રૂપિયા ૪૦,૦૦૦ તથા બીજી ભાર રીક્ષા એન્જીન નંબર આર૪એચ૦૮૯૪૫ કિંમત રૂ. ૪૦,૦૦૦, એક મોટર સાયકલ જેના ચેસીસ નંબર એમઈ૪જેસી૬૨૩એફડી ૮૦૦૪૧૬૪ તેમજ એન્જીન નંબર જેસી૬૨ઈ ૮૧૦૦૪૧૨૯ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા એક મોટર સાયકલ આશરે ૨૫ દિવસ પહેલા સાવરકુંડલા માર્કેટ યાર્ડમાંથી ચોરી કરી મોટા જીંજુડા તરફ જતો હોય તે દરમિયાન પેટ્રોલ પુરૂથઈ જતા રોડની બાજુમાં ચોરીનું મોટર સાયકલ મુકી દીધેલ. જે અંગે ખરાઈ કરતા મોટર સાયકલ મુળ માલીકને પરત મળી ગયેલ છે. આમ કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડી, ચાર વાહન ચોરીના ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ **ઉદયન ત્રિવેદી** લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કેઃ

અમારી પાસેથી અમારા અસીલ **શ્રી અવનીબેન પ્રતિકકુમાર રાવળ** રહે. અમરેલી વાળા અમરેલી શહેરમાં આવેલી મિલ્કત ખરીદ કરવા માંગે છે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

આ મિલ્કત અમરેલી જિલ્લાના અમરેલી શહેરમાં સ્ટેશન રોડની બાજુમાં સર્વે નં. ૯ પૈકી, ટીકા નં. ૨૧ વાળી કે જેના ચો.મી. ૩૯૧–૯૫–૫૬ છે. જે મિલ્કતના ગ્રાઉન્ડ ફલોરમાં દુકાનો આવેલ છે તથા આ મિલ્કતમાં તે ઉપરાંત ૩ રૂમ, ઓસરી, રસોડું, સંડાસ–બાથરૂમ તથા ફળી વિગેરે આવેલ છે તેમજ આ મિલ્કતના ફર્સ્ટ ફલોરમાં ૭ રૂમ આવેલ છે.

આ મિલ્કતનું બાનાખત અમારા અસીલશ્રીએ તેમની તરફેણમાં મિલ્કત ધારણ કરનાર પાસેથી તા. ૧૨–૧૧–૨૦૨૪ ના રોજ આ મિલ્કત ખરીદ કર્યા બદલનું કરાવેલ છે.

અને આ બાનાખતવાળી મિલ્કત સંદર્ભે અમારા અસીલ **શ્રી અવનીબેન પ્રતિકકુમાર રાવળ** આ મિલ્કતનો રજી.દસ્તાવેજ કરાવવા માંગતા હોય અને તેથી તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

સબબ આ જાહેર નોટીસથી જણાવવાનું કે, જે કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધસહકારી નું હીત સમાયેલ હોય કે ઉપરોક્ત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યક્તિનો લાગભાગ, હક્ક–હિસ્સો હોય કે ભાડુઆત દરજજેનો કબ્જો કે કોઈ રાઈટ/હકક કે અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન – ૦૭ (સાત) માં લેખીતમાં આધાર પુરાવા પોતાના સાથે નીચે જણાવેલ રજી. પોસ્ટ એ.ડી. થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે અને અમારા અસીલશ્રી વેચનાર પાસેથી રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી મિલ્કત ખરીદ કરી લેશે. ઉપરોક્ત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તારીખ : ૧૩/૧૧/૨૦૨૪
સ્થળ :– અમરેલી

ઉદયન ત્રિવેદી
એડવોકેટ

ચિતલ રોડ, એરપોર્ટ સામે, પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.


## અવસાન નોંધ

**અમરેલી :** જસુમતીબેન મૂળશંકર વ્યાસ ઔદિશ ઝાલાવાડી બ્રાહ્મણ ( ઉ. વ. ૭૨ ) જે ભદ્રેશભાઈ (જિલ્લા પંચાયત અમરેલી), અનિલભાઈ (પ્રાથમિક શાળા દેવળીયા) તથા વિપુલભાઈ (નૂતન સ્કુલ અમરેલી) તથા ઉષાબેન રાજેશકુમાર ભટ્ટ (નૂતન મિડલ અમરેલી) ના માતૃશ્રી તથા જય, જતન, ભાવાર્થ તથા પર્વ તેમજ ઋતવીના દાદીમાંનું દુઃખદ અવસાન તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજ થયેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૬ | ૧૫૬૩ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૪૬૫ | ૧૦૩૨ |

# સાવરકુંડલામાં ઉમંગ અને ઉત્સાહ સાથે સંત શ્રી મહાત્મા મુળદાસજીનાં ૩૫૦મા જન્મ જયંતી મહોત્સવની ઉજવણી



સાવરકુંડલા લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે કારતક સુદ ૧૧ (અગિયારસ) તારીખ ૧૩/૧૧/૨૪ ને બુધવારના રોજ લુહાર જ્ઞાતિ કુલભૂષણ સંત મહાત્મા મુળદાસજીની ૩૫૦મી જન્મ જયંતી મહોત્સવ પ્રસંગે સવારે ૯:૦૦ કલાકે પૂજય સંત મહાત્મા મુળદાસજીનું પૂજન, પ્રવજારોહણ, આરતી વગેરે કાર્યક્રમો યોજાયા હતા. ત્યારબાદ બપોરે ૧૧:૩૦ કલાકે મહાપ્રસાદ (ભોજન)નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ નિમિત્તે ભોજન મહાપ્રસાદના દાતા સ્વ. મગનભાઈ વશરામભાઈ કારેલીયા પરિવાર યજમાન બની અનેરો આનંદ અનુભવ્યો હતો આ સમગ્ર કાર્યક્રમ લુહાર જ્ઞાતિ સમાજ વાડી નદી કાંઠે ભારે ઉમંગ ઉત્સાહ સાથે ધામધૂમપુર્વક ઉજવવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં સાવરકુંડલા તેમજ તાલુકાના લુહાર બંધુઓ સહભાગી બની ધન્યતા અનુભવી હતી. તેમ મયુર રાઠોડ દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું

### ૧૯૪૭ માં સરદારે જીર્ણોધ્ધારનો કર્યો હતો સંકલ્પ

## શ્રી સોમનાથ મંદિર ખાતે મંદિરના ૭૮માં સંકલ્પ દિનની ભકિતમય ઉજવણી

### સોમનાથ ટ્રસ્ટ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી

સોમનાથ, તા.૧૩

દેશની સ્વતંત્રતા સમયે જુનાગઢને સ્વતંત્ર કરાવી સરદાર વલ્લભભાઈ પટેલ ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ સોમનાથ પહોંચ્યા હતા તે શુભ ઘડી ને આજે ૭૭ વર્ષ પૂરા થયા છે.

જયારે સરદાર પટેલ સોમનાથ પહોંચ્યા હતા ત્યારે સોમનાથ મંદિરના જીર્ણ અવશેષો જોઈને તેમનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. તેઓએ સોમનાથ મંદીરનાં પુનઃનિર્માણ માટે સમુદ્ર જળ હાથમાં લઈને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર માટે સંકલ્પ કર્યો અને આજરોજ આ સંકલ્પને ૭૭ વર્ષ પૂર્ણ થયા છે. કાળક્રમે સરદાર પોતાના મંદિરના જીર્ણોદ્ધારના સંકલ્પને પૂર્ણ થતો નિહાળવા જીવિત ન રહ્યાં, પણ આજે શ્રી સોમનાથ મંદિર પરિસરમાં આવેલી સરદારશ્રીની પ્રતિમા અવિરત શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી રહી છે. અને સરદાર વલ્લભ ભાઈ પટેલ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતા જનસેવા અને યાત્રી સુવિધાના પ્રકલ્પો ને આશીર્વાદ આપી રહ્યા છે.





આજરોજ શ્રી સોમનાથ મંદિરના સંકલ્પ દિવસ નિમિત્તે શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિત ટ્રસ્ટ પરિવાર અને પુરોહિતો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેમજ શુભ સંકલ્પ સાથે શ્રી સોમનાથ મહાદેવની મહાપૂજા માટે પવિત્ર દ્રવ્ય મહાદેવને અર્પણ કરવામાં આવ્યા હતા. જે દ્રવ્યથી પૂજારીગણ દ્વારા શ્રી સોમનાથ મહાદેવની મહાપૂજા કરવામાં આવી હતી.

જેમાં સરદાર વલ્લભભાઈ પટેલની આત્મશાંતિ અને ભારતના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંજે મહાદેવને વિશેષ સાયંશૃંગાર તથા દીપમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### અધિકારી અને યુવતી વચ્ચેની ફેસબુક ચેટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ

## સચિવાલયના કર્મચારીનો મહિલા સાથે અભદ્ર વ્યવહાર

### ત્રણ મોબાઈલ સ્ક્રીન શોટમાં મહિલા વિરુદ્ધ ગંદા શબ્દો લખવામાં આવ્યા છે, એક વખત મહિલાએ તેને ચૂપ રહેવા કહ્યું છતાં પણ અધિકારી અટક્યા નહીં

ગાંધીનગર,તા.૧૩

સચિવાલયમાં બેસીને સરકારી કામ કરવાને બદલે એક હરામખોર અધિકારી એક છોકરી સાથે ગંદી વાતો કરતો હતોપ વાતો એટલી ગંદી હતી કે તેના મેસેજ તમને બતાવી શકાતા નથી. જો કે હાલમાં આ અધિકારી અને યુવતી વચ્ચેની ફેસબુક ચેટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.જ્ઞાનવર્ધન નામના એક યુવાન સાહિત્યપ્રેમી સચિવાલય કેડરના અધિકારીએ યુવતીને ગંદા મેસેજ લખીને પોતાની ‘વાસના’ બતાવી. તે યુવતી સાથે વોટ્સએપ પર ગંદી વાતો કરતો રહ્યો. છોકરી ના પાડતી રહી પણ આ ઓફિસરના મેસેજ બંધ ન થયાપગાંધીનગરમાં સરકારી અધિકારીને બદલે સોશિયલ મીડિયા પર કવિ અને લેખક તરીકે ઓળખાતા સચિવાલય કેડરના એક યુવાન અધિકારીએ એક યુવતીને મેસેજ લખીને પોતાની માનસિક અસ્વસ્થતા દર્શાવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. યુવતીને અપશબ્દોમાં મોકલવામાં આવેલા ગંદા મેસેજ હાલમાં ચારેય પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહ્યા છે, જેના કારણે સરકારી તંત્ર અને ખાસ કરીને સચિવાલયમાં ખળભળાટ મચી ગયો છે.સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી યુવતીઓ સોફ્ટ ટાર્ગેટ : સોશિયલ મીડિયા પર ફેસબુક-વોટ્સએપ ચેટ વાયરલ થયાનું સૌરાષ્ટ્રમાંથી બહાર આવ્યું છે. કેટલીક મહિલા કર્મચારીઓ અને અધિકારીઓએ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરી છે કે જેઓ સરકારી કામ કરવાને બદલે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ સાઈટ પર દિવસ-રાત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી યુવતીઓને માર્ગદર્શન આપે છે.દરમિયાન, એક મહિલા ઉમેદવારને વાકેફ કરવા માટે શરૂ કરાયેલી ચેટ દરમિયાન, એક યુવાન અધિકારીના સ્ક્રીન શૉટ્સ જે તે જાણતા હતા તે નંબર પરથી અનૈતિક ઑફર કરી રહ્યા હતા. ત્રણ મોબાઈલ સ્ક્રીન શોટમાં મહિલા વિરુદ્ધ ગંદા શબ્દો લખવામાં આવ્યા છે. એક વખત મહિલાએ તેને ચૂપ રહેવા કહ્યું છતાં પણ અધિકારી અટક્યા નહીં. લેખકોમાં પ્રખ્યાત એવા અધિકારીના આવા નિમ્ન કક્ષાના કૃત્યોએ સર્વત્ર હલચલ મચાવી દીધી છે.

## સાળંગપુર હનુમાનજીને ૧૪ કિલો ચાંદી,૧.૮ લાખથી વધુ હીરાજડિત વાઘા

સાળંગપુર,તા.૧૩,ગુજરાતના વડતાલ ધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં સાળંગપુર ધામ શ્રી કષ્ટભંજક હનુમાનજી મંદિર ખાતે સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી બુધવારે (૧૩ નવેમ્બર) કષ્ટભંજનદેવને ૩૧ લાખની કિંમતના ૧૪ કિલો ચાંદી અને ૧.૮ લાખથી વધુના હીરાજડિત વાઘા અને ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો.સાળંગપુરમાં કષ્ટભંજનદેવને ચાંદીના ૧ લાખ ૮ હજારથી વધુના હીરાજડિત વાઘા પહેરાવવામાં આવ્યા હતાં, જેનું વજન ૧૫ કિલો હતું. આ સાથે જ કષ્ટભંજનદેવના મુગટમાં ૭ હજાર અને કુંડળમાં ૩ હજાર હીરા લગાવવામાં આવ્યા હતાં. આ વાઘાની કુલ કિંમત રૂપિયા ૩૧ લાખ જેટલી છે. આ વાઘા બનાવવા માટે ૮ મુખ્ય ડિઝાઈનર અને કારીગરોએ લગભગ ૧૮૦૦ કલાક કામ કર્યું હતું.કષ્ટભંજન હનુમાનજીના આ વાઘામાં ઉપયોગમાં લેવાયેલી ચાંદીમાં પણ ૧ લાખ ૮ હજારથી વધુના ડાયમંડ લગાવવામાં આવ્યા હતાં. આ ઉપરાંત વાઘામાં ૨૦૦ અસલ ડાયમંડ, ૧૦૦ ગ્રામ રોડિયમ, ૨૦૦ માણેક અને ૨૦૦ પન્ના જડવામાં આવ્યાં છે. આ વાઘામાં આશરે ૧૪ કિલો ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ વાઘામાં મુગટ, કલગી, કુંડળ, ગળાબંધ, રજવાડી સેટ, મોજડી અને કંદોરો પણ સામેલ છે. હનુમાનજીના મુગટમાં સાત હજાર અને મોજડીમાં ત્રણ હજાર ડાયમંડ જડવામાં આવ્યા છે. આ વાઘામાં થ્રીડી વર્ક, બિકાનેરી, મીણો, પેઈન્ટિંગ મીણો, ફિલિગ્રી વર્ક અને એન્ટિક વર્ક પણ કરવામાં આવ્યું છે. આ સિવાય વાઘાને આકર્ષક બનાવવા માટે મીણા કારીગરીથી ૨૪ જેટલા મોર ડિઝાઈન કરવામાં આવ્યા છે. આકર્ષક ડિઝાઈન બનાવવા માટે વાઘામાં દસથી પંદર વખત ફેરફાર કરવામાં આવ્યો હતો. વાઘામાં જયપુરી રોડિયમ લગાવવાના કારણે તે હંમેશા ચમકતા રહેશે.

### સોમનાથ કાર્તિકી પૂર્ણિમાનો મેળો જામ્યો!

## સોમનાથમાં આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળો ૨૦૨૪ અત્યાર સુધીના દરેક રેકર્ડ તોડ્યા

### મેળાના બીજા દિવસે વિક્રમ જનક ૨,૦૦,૦૦૦ લાખથી વધુ મુલાકાતીઓ મેળામાં પધાર્યા હતા

ગીર સોમનાથ,તા.૧૩

સોમનાથમાં આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળો ૨૦૨૪ અત્યાર સુધીના દરેક રેકર્ડ તોડી રહ્યો છે. જ્યારે મેળાની પ્રથમ રાત્રિએ ૧ લાખથી વધુ સેહલાણીઓનો સમુદ્ર ઘુઘવાટા મારી રહ્યો હતો. ત્યારે મેળાના બીજા દિવસે વિક્રમ જનક ૨,૦૦,૦૦૦ લાખથી વધુ મુલાકાતીઓ મેળામાં પધાર્યા હતા. ટ્રસ્ટ દ્વારા લોકોની સુરક્ષાને કેન્દ્રમાં રાખીને સરકારના સુરક્ષા માપદંડો મેળવવામાં નિષ્ફળ ગયેલ એજન્સીનું ટેન્ડર રદ કરી મોટી રાઈડ બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. ત્યારે આ નિર્ણય લોકો અને વેપારીઓ બંને માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. જે સામાન્ય પરિવારો મેળામાં બે કે ત્રણ રાઈડમાં બેસીને ખાણીપીણીમાં ઓછો ખર્ચો કરતા તેની સામે ખાણીપીણી, રાચરચીલાનો વ્યાપાર અનેક ગણો વધ્યો છે. અત્યાર સુધી ક્યારેય પહેલા દિવસે ન આવી હોય તેટલી મેદની ૨ દિવસમાં જોવા મળી છે જેથી મેળામાં વેપારીઓ આનંદમાં છે.

સાથે મેળામાં આવનાર મુલાકાતિઓ પણ જણાવી રહ્યા છે કે મેળામાં રાઈડ્સમાં ખર્ચો કરવા ઉપરાંત પણ સલામતીની ચિંતા સતાવતી હોય છે. ત્યારે સોમનાથ ટ્રસ્ટે સલામતી ન હોય તેવી રાઈડ્સ બંધ રાખવાનો જે નિર્ણય કર્યો છે. તેને કારણે સુરક્ષિત પણ અનુભવીએ છીએ સાથે સાથે જે રાઈડ્સમાં ખર્ચો કરવાના હતા તે બાળકો સાથે ખાણીપીણી અને ખરીદીમાં કરીએ છીએ જેથી પરિવાર પણ ખુશ છે.

મેળાના બીજા દિવસે ૨,૦૦,૦૦૦ થી વધુ લોકોએ હસ્તકલા, રાચરચીલું, ફૂડ માર્કેટ, જેલના ભજીયા, સુપ્રસિદ્ધ ગુજરાતી ગાયિકા અપેક્ષા પંડ્યા અને વૃંદની સંગીત સાધના સાથે સાથે મેળાના પરંપરાગત અને આધુનિક બંને પ્રકારના મનોરંજન મેળવ્યા હતા.

નાના બાળકો માટે રાખવામાં આવેલ ૫૦ જેટલી રાઈડ્સ અને ગીરનું ગામડું, પંચદેવ મંદિર, કલ્પ વૃક્ષ સેલ્ફી પોઈન્ટ, જેવા મનોહર પ્રદર્શનોને કારણે મેળામાં લોકોને વિશેષ આકર્ષણ જાગ્યું છે. લોકોએ આ મેળામાં પોતાના પરિવાર સાથે ઉમંગભર્યા માહોલમાં ભાગ લીધો છે. જોવા મળી રહ્યું છે કે સરેરાશ મુલાકાતિઓની ખરીદશક્તિ વધી છે. જેના કારણે મેળાના વિવિધ સ્ટોલ્સ પરના વ્યાપારીઓને ગત વર્ષોની સાપેક્ષમાં અપેક્ષા કરતાં બમણું વેચાણ થતાં અર્થતંત્ર તંદુરસ્ત રીતે ખીલ્યું છે.

ત્યારે આટલી મોટી સંખ્યામાં આવનાર મુલાકાતીઓ માટે ટ્રસ્ટ દ્વારા વિશાળ પાર્કિંગ પાણી સહિતની પ્રાથમિક વ્યવસ્થાઓ ગોઠવી છે. સાથે સાથે મેળાની સુરક્ષાને પણ અગ્રીમતા આપવામાં આવી છે ફાયર ટેન્ડર સહિતની ટીમ એમ્બ્યુલન્સ મેળામાં સ્ટેન્ડ બાય રખાયા છે. મેળાને ચારે તરફથી પોલીસ સુરક્ષા પણ મળી છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે પૂરતો પોલીસ ફોર્સ ગોઠવવામાં આવ્યો છે, સાથે જ ગીર સોમનાથ પોલીસ દ્વારા ડ્રોન સર્વેલન્સ કરીને સુરક્ષાની સમીક્ષા પણ કરવામાં આવી રહી છે.


આમ, સોમનાથ ટ્રસ્ટ આયોજિત સોમનાથ કાર્તિકી પૂર્ણિમા મેળો ૨૦૨૪ પોતાના ઈતિહાસમાં સૌથી વધારે ફૂટફોલ અને વેપારીઓ માટે વિક્રમી વ્યાપાર તરફ આગળ વધી રહ્યો છે.

## રાજસ્થાનમાં અપક્ષ ઉમેદવાર નરેશ મીણાએ પિત્તો ગુમાવ્યો


ટોંક, તા.૧૩

રાજસ્થાનમાં ટોંક જિલ્લાના દેવલી-ઉનિયારા બેઠક પર થઈ રહેલી પેટા ચૂંટણીની ખૂબ ચર્ચા થઈ રહી છે. ઘટના એમ છે કે, આ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા અપક્ષ ઉમેદવાર નરેશ મીણાએ ગુસ્સામાં આવીને માલપુરા SDM અમિત ચૌધરીને લાફો ઝીકી દીધો છે. ત્યારબાદ ગામનો માહોલ બગડી ગયો છે. મામલો એ છે કે, અપક્ષ ઉમેદવાર અને SDM વચ્ચે ગ્રામીણોની માગને લઈને બોલાચાલી થઈ ગઈ હતી. આ બોલાચાલી એટલી વધી ગઈ કે, નરેશ મીણાએ પોતાનો પિત્તો ગુમાવી દીધો અને ગુસ્સામાં આવીને SDMને લાફો ઝીંકી દીધો હતો.દેવલી-ઉનિયારા વિધાનસભા મતવિસ્તારના કચરાવતા ગ્રામ પંચાયતના સમરાવત ગામના ગ્રામીણોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. ગ્રામીણોનું કહેવું છે કે, અમારું ગામ પહેલા ઉનિયારા ઉપખંડમાં હતું, પરંતુ બાદમાં પાછલી સરકારે અમારા ગામને ઉનિયારાથી હટાવીને દેવલી ઉપખંડમાં સામેલ કરી દીધું હતું. તેનાથી ગ્રામીણો નારાજ છે. ગ્રામીણોની માગ છે કે, ગામને ફરી એક વખત ઉનિયારામાં સામેલ કરવામાં આવે. પોલીસ અને વહીવટી અધિકારીઓ ત્યાં ગ્રામણોને સમજાવી રહ્યા હતા. દરમિયાન નરેશ મીણા ગ્રામીણોને સમર્થન આપવા ત્યાં પહોંચ્યા હતા. આ દરમિયાન મીણા અને માલપુરાના એસડીએમ અમિત ચૌધરી વચ્ચે ગરમાગરમી થઈ ગઈ હતી. આ દરમિયાન મીણાએ પોતાનો પિત્તો ગુમાવી દીધો હતો અને એસડીમને લાફો મારી દીધો હતો.
આ ઘટના બાદ પોલીસ અધિક્ષક વિકાસ સાંગવાને મીડિયાને આ અંગે જણાવ્યું કે, ’નરેશ મીણા મતદાન કેન્દ્ર પર દોડીને આવ્યા અને એસડીએમ અમિત ચૌધરી સાથે મારપીટ કરી હતી. આ બાબતની તાત્કાલિક નોંધ લેવામાં આવી છે અને આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.’

# ચલાલા ખાતે શિવસાંઈ ગ્રુપ દ્વારા તુલસી વિવાહ સાથે સમૂહ લગ્ન યોજાયા



આ માંગલિક પ્રસંગે ધારી બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત રહી શકયા ન હતાં પરંતુ નવદંપતિઓના નવપલ્લવિત જીવન માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. ચલાલામાં ધારી રોડ પર આવેલ શિવસાંઈ મંદિર શનિદેવ મંદિર ખાતે મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ સુરતના સહયોગથી શિવસાંઈ ગ્રુપ ચલાલા દ્વારા તુલસી વિવાહ સાથે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ગતરોજ સાંજે સાડા છ આસપાસના ગાળામાં કમી કેરાળા ગામના રામજી મંદિરેથી ઠાકોરજીની જાન અહીં ચલાલા ખાતે વાજતે ગાજતે આવી પહોંચી. જાનનું સ્વાગત પણ હૈયાના હેતથી કરવામાં આવેલ. જાન આગમન પ્રસંગે ઉપસ્થિત તમામના હૈયે હરખ સમાતો ન હતો. સાથે સાથે આઠ નવદંપતિઓના વિવાહ પ્રસંગ પણ યોજાયા હતા. જાનૈયાઓના અને કન્યા પક્ષના લોકો પણ આ પ્રસંગને વધાવવા ભારે હર્ષાતુર જોવા મળ્યા હતાં શિવસાંઈ ગ્રુપ ચલાલા દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે જેમાં સમૂહલગ્નનું આયોજન પણ આ સેવાકીય પ્રવૃત્તિઓ પૈકીનું એક છે. આ ગણીએ તો આ તુલસી વિવાહ સાથે સમૂહ લગ્નનું આયોજન ખરેખર ધ્યાનાકર્ષક પ્રસંગ ગણાય. ખૂબ જ જવલ્લે જોવા મળતાં પ્રસંગ પૈકીનો એક પ્રસંગ ગણી શકાય. લુપ્ત થતી ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાન આ પ્રસંગને મહત્તમ રીતે માણવોએ પણ જીવનનો અણમોલ લ્હાવો જ ગણાય. એક તરફ તુલસી વિવાહ ઠાકોરજી પરણે. તો બીજી તરફ આશાસ્પદ નવદંપતિઓ પ્રભુતામાં પગલાં પાડે એ અદભૂત સમન્વયનું તાદશ ચિત્રની અનુભૂતિ કરવી એ પણ જીવનનો અણમોલ લ્હાવો જ ગણાય. આમ તુલસી વિવાહ સાથે સમૂહ લગ્નનાં અદભૂત દ્રશ્યો ખૂબ જવલ્લે જોવા મળે તેવી તસવીરો દયમાં કંડારાયેલ. અર્થાત દિવ્ય અનુભૂતિ સાથે સંસાર જીવન ચક્રની અનોખી ઘટમાળ !! ઠાકોરજીની જાજરમાન જાન સાથે શરણાઈના સૂર રેલાયા. તો કન્યા પધરાવો સાવધાનના મંગલ મંત્રોચ્ચાર સાથે નવદંપતિઓની વિવાહ વિધિ યોજાઈ. ખૂબ નોંધનીય બાબત તો એ હતી કે અમરેલી જિલ્લાના અન્ય વિસ્તારોમાં તુલસી વિવાહ પ્રસંગ તો ઉજવાય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ એ તુલસી વિવાહ પ્રસંગ ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ધામધૂમથી ઉજવાય છે. પરંતુ ચલાલા ખાતે શિવસાંઈ ગ્રુપ ચલાલા દ્વારા આયોજિત તુલસી વિવાહ સાથે સમૂહ લગ્નનું આયોજન એ ખરેખર અનેરો પ્રસંગ ગણાય !! આ શિવસાંઈ ગ્રુપ દ્વારા આ ૪૨ માં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શિવસાંઈ મંદિરના પુજારી રાજુભાઈ જાની, લલીતભાઈ મહેતા, પિયુષભાઈ વિભાણી, મિતેશભાઈ ભટ્ટ, કમી કેરાળા ગામના નરેશભાઈ માંગરોળીયા રામજી મંદિરના મહંત પુજારી ગુણવંતદાસ ગોરધનદાસ તથા કમી કેરાળા સમસ્ત ગામ સમેત ગ્રુપના શિવસાંઈ ગ્રુપ ચલાલાના તમામ કાર્યકાઓ દ્વારા પ્રસંગને યાદગાર બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે ચલાલા નગરપાલિકા પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ કારીયા, ભૈયલુભાઈ વાળા, ચંપુભાઈ ધાધલ, ચીમનભાઈ વિઠલાણી, સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી, ગોપાલગ્રામના પ્રતાપભાઈ વાળા, પત્રકાર બિપીનભાઈ રાઠોડ અશોકભાઈ જોષી ભુપતભાઈ બારોટ, ધમાભાઈ જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

દર ગુરૂવારે સાંજે માણો
કેન્ડલ લાઈટ ડીનર
Avadh
Family Restaurant & Banquet Hall

Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

### સ્પે. જજશ્રી ડી.એસ. શ્રીવાસ્તવે કર્યો હુકમ

# બાબરા પંથકમાં ૬ વર્ષ પહેલા તરૂણીનાં અપહરણનો પ્રયાસ કરનારને ૩ વર્ષની સજા

## સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૩

બાબરા પંથકમાં આશરે ૬ વર્ષ પહેલાં સાંજના સાતેક વાગ્યે અમરાપરા સ્વામીનારાયણ મંદિર પાસેથી એક ૧૧ વર્ષની તરૂણીને આરોપીએ પોતાના મોટર સાયકલ અપહરણ કરી લઈ જતા હોય ત્યારે તે જ ગામે રહેતા એક ખેડૂત જોઈ જતા આરોપીઓનું મોટરસાયકલ ખેડૂતે ઉભુ રખાવતા આરોપીઓ ભોગ બનનારને મુકી મોટરસાયકલ સાથે નાસી ગયા હતાં. આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાય હતી. આ અંગેનો કેસ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની ધારદાર દલીલોના આધારે આ બનાવના આરોપીને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટ કલમ ૧૭, ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા પૈકી મહતમ સજાની જોગવાઈ આઈ.પી.સી. ૩૬૬માં ૩

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### માનસિક બીમારીની સારવાર શરૂ હોય

# ધારીની પોલીસલાઈનનાં કવાર્ટરની અગાશી પરથી પડી જવાથી મહિલાનું મોત

## સરસીયાથી ધારી આવીને પોતાની મેળે નીચે પડયા

અમરેલી, તા. ૧૩

ધારી તાલુકાના સરસીયા ગામે રહેતા ગુલસનબેન કાળુભાઈ ગુલાબભાઈ નાડ નામનાં ૪૨ વર્ષિય મહિલાને છેલ્લા એકાદ વર્ષથી માનસિક બીમારી હોય અને તેની દવા રાજકોટ ખાતેની હોસ્પિટલની ચાલુ હોય. જેથી તેમણે તા. ૧૨ ના રોજ આશરે સવારે ૧૦ થી ૧૧ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે માનસિક બીમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ઘરેથી નીકળી જઈ ધારી પોલીસ લાઈનના કવાર્ટરની અગાસી (ધાબા) પરથી પોતે પોતાની મેળે પડી જતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### કળિયુગમાં ધાર્મિક સ્થાનોમાંથી પણ ચોરી શરૂ

# લાઠીનાં જરખીયા ગામે ધાર્મિક જગ્યાનો દરવાજો ખોલીને એક લાખ રૂપિયાની ચોરી

અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતા વિપુલભાઈ પ્રવિણભાઈ કાકડીયા નામનાં ૩૮ વર્ષિય ખેડુતે વાવવા રાખેલ વાડીએ ગત તા. ૧૧ ના રોજ રાત્રીના બારેક વાગ્યેથી તા. ૧૨ ના રોજ સવારના આશરે સાતેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમે વાડીએ આવેલ કાકડીયા પરિવારના સુરાપરા દાદાના મંદિરનો મેઈન દરવાજાનું સ્ટીલનું બારણુ ઉખાડી મંદિરમાં રહેલ દાન પેટીમાં રહેલ રોકડા રૂપિયા આશરે એક લાખ જેટલાની ચોરી કરી લઈ જઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલી જિલ્લામાં થયેલ વાહન ચોરીઓના ૪ ગુન્હાઓ ડીટેકટ કરતી ક્રાઈમ બ્રાન્ચ

## કમાન્ડ કંટ્રોલ સેન્ટરની પણ જરૂરી મદદ મળી

અમરેલી, તા. ૧૩


અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા અમરેલી શહેરમાં બનેલ મિલ્કત વિરૂધ્ધના ગુનાના આરોપીઓ અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ હતી.


અમરેલી નેત્રમ પ્રોજેકટ

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal
પ્રસંગ ખાસ, શીતલ છાશ,
બોલશો હાશ...


6 લીટર પાઉચમાં ઉપલબ્ધ
73000 51000

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

LG Life's Good.


LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

www.headway.guru
9081241916


અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯
સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
(ગોળ હોસ્પિટલ)
WE ARE HIRING!
COMPUTER OPERATOR
JOIN OUR BEST TEAM

Female staff
Good package
Time : 9 to 2 and 5 to 8
Fresher and exp staff can apply
Send Your Resume To Us
dr.arpanjani@gmail.com
73596 32121, 9978966629
MORE INFORMATION www.nctamrelihospital.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)